ફાયનાન્સિયલ એક્સપ્રેસ

PUBLISHED SINCE 1991

સર્વપ્રથમ ગુજરાતી આર્થિક દૈનિક

અમદાવાદ, **બુધવાર**, તા. ૮ એપ્રિલ, ૨૦૨૬ વર્ષ : ૩૫ અંક : ૨૫૬ પાનાં : ૨૨ કિંમત : રૂા. ૮.૦૦ AHMEDABAD | **WEDNESDAY** APRIL 8 | 2026 VOL XXXV NO 256 | 22 PAGES | Rs 8.00

પાનું ૨૨

એર ઇન્ડિયા ગ્રુપ સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઇટો પર ફ્યુઅલ સરચાર્જ લાદશે

પાનું ૦૨

આર્થિક સ્થિરતા અને આરબીઆઇનો પડકાર

પાનું ૨૦

શેરબજારો સતત ચોથા દિવસે વધ્યા : સેન્સેક્સમાં ૫૦૦ પોઇન્ટનો ઉછાળો

■ કંપની પરિણામોનું પૂર્વાનુમાન

ટીસીએસ માર્ચ ત્રિમાસિકમાં તેની આવકમાં મધ્યમ વૃદ્ધિ નોંધાવે તેવી શક્યતાણુ

ઉર્વી માલવાણિયા
મુંબઈ, તા. ૭



તાતા કન્સલ્ટન્સી સર્વિસિસ (ટીસીએસ) માર્ચ ત્રિમાસિકમાં અનુક્રમે ૦.૮ ટકા થી ૧.૫ ટકા સુધીની કોન્સ્ટન્ટ કરન્સી (સીસી)ની ગણતરીએ આવક વૃદ્ધિ નોંધાવી શકે છે, એવું વિશ્લેષકોનું કહેવું છે. બીએફએસઆઈ ક્ષેત્રમાં મજબૂતી અને અગાઉ સાઇન થયેલા કેટલાક સોદાઓના અમલીકરણથી આ આવક વૃદ્ધિ શક્ય બની શકે છે.

આ પ્રદર્શન ટીસીએસને તેના પ્રતિસ્પર્ધી ઇન્ફોસિસ અને એચસીએલટેક કરતાં આગળ રાખે છે, કારણ કે બંન ખેલાડીઓમાં મોસમી ઘટાડાની શક્યતા છે, જ્યારે વિપ્રોની વૃદ્ધિ અંશતઃ બાહ્ય અધિગ્રહણોના યોગદાનથી સમર્થિત રહી શકે છે.તાતા કન્સ્લ્ટન્સી સર્વિસિસિ તારીખ ૯ એપ્રિલના રોજ આર્થિક વર્ષના ચોથા ત્રિમાસિક તથા વાર્ષિક પરિણામોની જાહેરાત કરશે.

આઇસીઆઇસીઆઇ સિક્યોરિટીઝના વિશ્લેષકો અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ચોથા ત્રિમાસિકમાં ટીસીએસ માટે ૧.૪ ટકા (૧ ટકા ઓર્ગેનિક) ત્રિમાસિક સીસી વૃદ્ધિની અપેક્ષા છે, જે બીએફએસઆઇ અને ટેકનોલોજી ક્ષેત્રોમાં સારા આવક વલણ, ટેલિકોમ ક્ષેત્રમાં સુધારો અને દરિયાકાંઠાનું વાદળ અધિગ્રહણના ૨.૫ મહિનાના સંકલનથી મળતા ૦.૪ ટકા યોગદાનથી પ્રેરિત રહેશે.

વિશ્લેષકો મુજબ રિટેલ અને ઓટો ક્ષેત્રમાં માંગ નબળી રહેવાની શક્યતા છે, જ્યારે મેન્યુફેક્ચરિંગ (ઓટો સિવાય), એનર્જી, રિસોર્સિસ અને યુટિલિટીઝ ક્ષેત્રમાં માંગ સ્થિર રહેવાની ધારણા છે. ક્લાયન્ટ બજેટ પણ સ્થિર હોવાનું જણાય છે.

માર્જિન મોટા ભાગે સ્થિર રહેવાની અપેક્ષા છે. અંદાજ મુજબ ઇબીઆઇટી માર્જિન અનુક્રમે આશરે ૨૫ ટકા આસપાસ જ રહેશે. રૂપિયાના અવમૂલ્યનથી મળતા લાભોને વેચાણ, માર્કેટિંગ અને એઆઈ ક્ષમતાઓમાં ચાલુ રોકાણથી સમતોલ થવાની શક્યતા છે.

આઇસીઆઇસીઆઇ સિક્યોરિટીઝે ઉમેર્યું, ઇબીઆઇટી માર્જિન ત્રિમાસિક ધોરણે સમતલ રહેવાની અપેક્ષા છે, કારણ કે કંપની રૂપિયાના અવમૂલ્યનથી મળતા લાભોને વેચાણ, માર્કેટિંગ અને એઆઈ ક્ષમતાના વિકાસમાં રોકશે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ઇના ચોથા ત્રિમાસિકમાં કર્મચારી પુનર્ગઠન ખર્ચ (ઇબીઆઇટી ની નીચે દર્શાવાતો) નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ત્રીજા ત્રિમાસિકમાં થયેલા રૂ. ૨.૫ અબજ કરતાં ઓછો રહેવાની શક્યતા છે.

સોદાઓના મોરચે, ટીસીએસ મજબૂત ગતિ જાળવી રાખે તેવી અપેક્ષા છે. ત્રિમાસિક માટે કુલ કરાર મૂલ્ય (ટીસીવી) અંદાજે ૮થી ૧૦ અબજ ડોલર સુધી હોઈ શકે છે, જે તાજેતરના વલણ સાથે સુસંગત છે.

મોતિલાલ ઓસવાલના વિશ્લેષકો મુજબ, ડિલ પાઇપલાઇન મજબૂત રહેવાની અપેક્ષા છે; માંગ, ટેક બજેટ, એઆઈ ડેટા સેન્ટર, બીએફએસઆઈ અને નવા સોદા અંગેની ટિપ્પણીઓ મહત્વપૂર્ણ રહેશે.

સ્થિર ક્લાયન્ટ બજેટ, ખર્ચ ઑપ્ટિમાઇઝેશન અને વેન્ડર કન્સોલિડેશનની માંગથી ડિલ પાઇપલાઇનને ટેકો મળવાની ધારણા છે. જોકે, સોદા જીત્યા બાદ આવકમાં રૂપાંતરણ ધીમું રહેવાની શક્યતા દર્શાવવામાં આવી છે, કારણ કે અમલીકરણ સમયગાળો લાંબો થઈ રહ્યો છે અને ભાવનિર્ધારણ વધુને વધુ એઆઈથી મળતા ઉત્પાદનક્ષમતાના લાભ સાથે જોડાઈ રહ્યું છે.

સેબીએ આઈપીઓ અને રાઈટ્સ ઈશ્યૂ માટેની મંજૂરીની માન્યતા લંબાવી

રોઇટર્સ
મુંબઈ, તા. ૭

માર્કેટ રેગ્યુલેટર સેબીએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને ધ્યાનમાં લેતાં આઈપીઓ, રાઈટ્સ ઈશ્યૂ માટેની મંજૂરીની માન્યતા ૩૦ સપ્ટેમ્બર સુધી લંબાવી છે. હવે કંપનીઓને પોતાના ઈશ્યૂ લોન્ચ કરવા માટે વધુ સમય મળશે.

સેબી દ્વારા જારી નોટિફિકેશન અનુસાર, માર્કેટ રેગ્યુલેટર દ્વારા જે કંપનીઓને આપવામાં આવેલા ઓબ્ઝર્વેશન લેટરની માન્યતા ૧ એપ્રિલ, ૨૦૨૬થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીની પૂરી થઈ રહી હોય તે હવે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી માન્ય રહેશે.

હાલના ધોરણો હેઠળ, કંપનીઓએ સેબીના અવલોકનો જારી કર્યાની તારીખથી ૧૨ મહિના અથવા લાગુ પડતાં ૧૮ મહિનાની અંદર પબ્લિક ઈશ્યૂ લોન્ચ કરવા આવશ્યક છે. જો કે, નિયમનકારે જણાવ્યું હતું કે, ઉદ્યોગ સંસ્થાઓ પાસેથી મળેલી ભલામણોને આધિન માન્યતાનો સમયગાળો લંબાવવામાં આવ્યો છે.

ઉદ્યોગ જગતે પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે, પશ્ચિમ એશિયામાં જિઓ-પોલિટિકલ કાઈસિસના લીધે શેરબજારમાં ભારે ઉથલ-પાથલ જોવા મળી છે. જેના લીધે પબ્લિક ઈશ્યૂમાં રોકાણકારોની ભાગીદારી ઘટી છે. વર્તમાન અનિશ્ચિતતાઓને કારણે કંપનીઓ પબ્લિક ઈશ્યૂ મારફત ફંડ એકત્ર કરવા અને મૂડી બજારો સુધી પહોંચવામાં મુશ્કેલીઓનો સામનો કરી રહી છે.

■ લોન એનસીજીટીસી દ્વારા પૂરી પડાશે

પશ્ચિમ એશિયા કટોકટીની અસર પામેલા બિઝનેસ માટે રૂપિયા ૨.૫ લાખ કરોડની ક્રેડિટ ગેરન્ટી સ્કીમનું સરકારનું આયોજન

પ્રશાંત સાહુ
નવી દિલ્હી, તા. ૭



સરકાર બિઝનેસીઝ, ખાસ કરીને એમએસએમઇએસ કે જેને પશ્ચિમ એસિયા કટોકટીની વિપરીત અસર થઇ રહી છે તેઓને સપોર્ટ આપવા માટે રૂપિયા ૨.૫ લાખ કરોડની ક્રેડિટ ગેરન્ટી સ્કીમ લાવવાની વિચારણા કરી રહી છે,તેમ વર્તુળોએ જણાવ્યું હતું.

આ સ્કીમ હેઠળ, ૧૦૦ કરોડ સુધીની લોન પર લગભગ ટકાની ક્રેડિટ ગેરન્ટી ધિરાણકારોને બોરોઅર્સ દ્વારા ડિફોલ્ટસના કિસ્સામાં પૂરી પાડવામાં આવશે, જો તેઓ યુએસ-ઇરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષના કારણે આવી સ્થિતિમાં મૂકાયેલા હશે.

બેંક લોન પરની ગેરન્ટી સરકારની સંપૂર્ણ માલિકીની પેટાકંપની-ધી નેશનલ ક્રેડિટ ગેરન્ટી ટ્રસ્ટી કંપની(એનસીજીટીસી) દ્વારા પૂરી પાડવામાં આવશે.

સરકારે લગભગ રૂપિયા ૧૭ હજાર કરોડથી ૧૮ હજાર કરોડ આ સ્કીમ માટે પૂરા પાડવાના રહેશે.

વર્તુળોએ જણાવ્યું હતું કે આ સ્કીમને કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન જંગી સફળતા મળી હતી અને વિવિધ સેક્ટર્સના ઘણા બિઝનેસીઝને ટકી રહેવામાં અને તેઓના દેવાં ભરવામાં સફળતા મળી હતી.

વધુમા, આવી લોનો પર વ્યાજ દર પણ નીચા રાખવામાં આવતા હોય છે અને કોઇપણ પ્રોસેસિંગ ચાર્જીસ, પ્રિ-પેમેન્ટ ચાર્જીસ અને ગેરન્ટી ફી વગર આવી લોનોને મંજૂર કરવામાં આવતી હોય છે. અગાઉની સ્કીમ ૩૧મી માર્ચ, ૨૦૨૩ સુધી ચાલુ રહી હતી.

આ ઉપરાંત, સરકારે તાજેતરના ભૂતકાળમાં સંખ્યાબંધ પગલા લીધા છે કે જેથી આમ આદમીની હાડમારીઓ ઓછી થાય, અને તેમાં પેટ્રોલ અને ડિઝલ પરની એક્સાઇઝ ડ્યૂટી ઘટાડવાનો પણ સમાવેશ થાય છે.

સરકારે ૨૬મી માર્ચે પેટ્રોલ અને ડિઝલ પરની એક્સાઇઝ ડ્યૂટી લિટરદીઠ રૂપિયા દસ ઘટાડી હતી કેમ કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા જંગના કારણે વધી રહેલા વૈશ્વિક કુડના ભાવોની અસર સામે વપરાશકારોને રક્ષણ પૂરું પાડી શકાય.

સરકારે એવિએશન ટર્બાઇન ફ્યુએલ(એટીએફ) પર લિટરે રૂપિયા ૨૯.૫૦ અને ડિઝલ પર રૂપિયા ૨૧.૫૦ની એક્સ્પોર્ટ ડ્યૂટી પણ લાદી હતી. પેટ્રોલ પરની એકસાઇઝ ડ્યૂટી ઘટાડીને લિટરદીઠ રૂપિયા ૩ કરવામાં આવી હતી, જ્યારે ડિઝલ પર તાજેતરમાં ઝીરો ડ્યૂટી છે.

સરકારની સંપૂર્ણ માલિકીની પેટાકંપની-ધી નેશનલ ક્રેડિટ ગેરન્ટી ટ્રસ્ટી કંપની(એનસીજીટીસી) દ્વારા પૂરી પાડવામાં આવશે.

બીજી એપ્રિલે, ભારતે મહત્વની પેટ્રોકેમિકલ પ્રોડક્ટસની આયાતને કસ્ટમ્સ ડ્યૂટીમાંથી મુક્તિ આપી હતી કે જેથી તેની સપ્લાય સ્ટેબિલિટીની ખાતરી મળી રહે અને અંતિમ પ્રોડક્ટસના વપરાશકારોને રાહત પહોંચાડી શકાય, કેમ કે પશ્ચિમ એસિયા સંઘર્ષના કારણે શિપિંગ રૂટમાં અવરોધો રહ્યા છે.


એર ઈન્ડિયાના સીઈઓ કેમ્પબેલ વિલ્સને રાજીનામું આપ્યું

અકબર મર્ચન્ટ
મુંબઈ, તા. ૭

એર ઇન્ડિયાના સીઈઓ કેમ્પબેલ વિલ્સને રાજીનામું આપી દીધું છે. એક સૂત્રના જણાવ્યા અનુસાર, જ્યાં સુધી નવા સીઈઓની નિમણૂક ન થાય ત્યાં સુધી તેઓ પદ પર યથાવત રહેશે.

એર ઈન્ડયા અગાઉથી જ કામગીરીમાં પડકારો, ખર્ચ અને ખોટમાં વધારો જેવી અડચણોનો સામનો કરી રહી છે. એરલાઈનના આ પડકારમય સમયમાં કેમ્પબેલનું રાજીનામું અનેક સવાલો ઉભા કરે છે. તેમનો પાંચ વર્ષનો કાર્યકાળ મૂળરૂપે આગામી વર્ષે સપ્ટેમ્બરના રોજ પૂરો થવાનો હતો.

ગયા વર્ષે અમદાવાદમાં પ્લેન ક્રેશ બાદ કેમ્પબેલ સતત વિવાદોમાં રહ્યા છે. એરલાઈનમાં ઓપરેશનલ ખામીઓ બહાર આવી છે. આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું હતું કે, વિલ્સન વર્તમાન કોન્ટ્રાક્ટને લંબાવવા માગતા નથી. જેથી એર ઈન્ડિયાએ જાન્યુઆરીથી જ નવા સીઈઓની શોધ શરૂ કરી હતી.



ટાટા ગ્રૂપ દ્વારા એર ઈન્ડિયા ટેકઓવર કર્યા બાદ વિલ્સને સપ્ટેમ્બર, ૨૦૨૨થી સીઈઓનું પદ સંભાળ્યું હતું. તેમના કાર્યકાળ દરમિયાન એર ઈન્ડિયાએ તેની વૈશ્વિક હાજરીને પુનઃસ્થાપિત કરતાં કામગીરી સ્થિર કરી હતી. બિઝનેસ એકીકૃત કરવા અને વ્યાપક પરિવર્તનશીલ યોજનાઓના અમલ પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

જો કે, એરલાઈન અનેક પડકારોનો સામનો કરી રહી છે. વધેલા ઈંધણ ખર્ચ, સપ્લાય ચેઈન વિક્ષેપો અને વિમાન ઉપલબ્ધતા અને કામગીરીમાં ખામીઓ તેની વિસ્તરણ યોજનાઓને અસર કરી રહી છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રૂટ પર સ્પર્ધા પણ તીવ્ર બની છે. જેના કારણે માર્જિન ઘટ્યા છે.

એર ઈન્ડિયા એક મહત્ત્વપૂર્ણ કાફલાના વિસ્તરણ અને આધુનિકીકરણ કાર્યક્રમ પર ફોકસ કરી રહી છે. જે લાંબા ગાળાની વ્યૂહરચના માટે ચાવીરૂપ માનવામાં આવે છે.

એર ઈન્ડિયાના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર કેમ્પબેલ વિલ્સને મંગળવારે સ્ટાફને જણાવ્યું હતું કે, એરલાઈનના ગ્રોથના આગામી તબક્કાની કમાન અન્યને સોંપવાનો આ યોગ્ય સમય છે.વિલ્સને કહ્યું કે, એરલાઈને જે હાંસલ કર્યું છે, તેના પર મને ગર્વ છે. ખાસ કરીને વિમાન ડિલિવરી અને સપ્લાય ચેઈન પડકારો વચ્ચે એરલાઈન પોતાની સુચારૂ કામગીરી સુનિશ્ચિત કરી રહી છે. આ સિવાય એરલાઈને યુદ્ધની સ્થિતિમાં એરસ્પેસ બંધ થવાના, ઈંધણના ભાવમાં વધારો અને સૌથી ગંભીર અમદાવાદ પ્લેન ક્રેશ જેવી ભયાવહ દુર્ઘટનાના અવરોધોનો સામનો કર્યો છે. આ અવરોધો સામે તે અડગ કામગીરી આપી રહી છે.

ખાનગી હવામાન સંસ્થા- સ્કાયમેટનો ચોમાસાનો વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાનો અંદાજ

સંદીપ દાસ
નવી દિલ્હી, તા. ૭

ખાનગી હવામાન સંસ્થા-સ્કાયમેટે નૈઋત્યના ચોમાસાની સીઝન(જૂનથી સપ્ટેમ્બર) ૨૦૨૬માં વરસાદ સામાન્ય કરતા ઓછો પડવાની આગાહી કરી છે, સાથે વરસાદ લગભગ બેંચમાર્ક-લોંગ પિરિયડ એવરેજ(એલપીએ)ના લગભગ ૯૪ ટકા કે સામાન્ય લેવલ કરતા ઓછો વરસવાની આગાહી કરી છે.

ખાનગી હવામાન આગાહીકારે દર્શાવ્યું છે કે મજબૂત બનતું જતું અલ નિનોનું વાતાવરણ વરાસદ પર અસર પાડી શકે છે, ખાસ કરીને સીઝનના પછીના ભાગ(ઓગસ્ટ-સપ્ટેમ્બર)માં, જેની ખરીફ પાકના ઉત્પાદન પર વિપરીત અસર પડી શકે છે.



ચાર માસના સમયગાળા દરમિયાન પડતો ચોમાસાનો વરસાદ દેશના ખરીફ પાકો--ચોખા, કઠોળ, તેલીબિયાં અને જાડાં ધાન્યો માટે મહત્વનો બની રહે છે જેનો અંદાજ સરેરાશ ૮૬.૮ સેન્ટિમીટરનો રહેતો હોય છે, તેના કરતા ઓછો એટલે કે ૮૧.૭ સેન્ટિમીટર થવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે, તેમ એજન્સીએ દર્શાવ્યું છે.

એલપીએ એ ૧૯૭૧થી ૨૦૨૦ દરમિયાન પડેલા વરસાદની સરેરાશ છે.

ચોમાસાનો પુરતો વરસાદ રવિ પાકોના સારા વાવેતરના પણ આશાસ્પદ સંજોગો સર્જે છે કારણ કે જમીનમાં વધારે ભેજ રહેતો હોય છે.

નૈઋત્યના ચોમાસાના પ્રારંભિક તબક્કા દરમિયાન આવવાની અપેક્ષા રહી છે અને વર્ષના અંત સુધી તે વધારે મજબૂત બનતું રહેશે. અલ નિનોની વાપસી નબળાં ચોમાસાના સંકેતો આપે છે. સીઝનનો બીજો અડધો ભાગ વધારે ત્રુટક-ત્રુટક અને અનિયમિત રહેવાની સંભાવના છે, તેમ સ્કાયમેટના મેનેજિંગ ડાયરેક્ટર જતિન સિંઘે એક નિવેદનમાં જણાવ્યું છે.

સ્કાયમેટે દર્શાવ્યું છે કે ચોમાસાના મુખ્ય રેઇનફેડ ઝોન દેશના મધ્ય અને પશ્ચિમી ભાગો રહ્યા છે, જ્યાં અપૂરતો વરસાદ પડતો હોય છે. પંજાબ, હરિયાણા, અને રાજસ્થાનમાં સામાન્ય કરતા ઓછો વરસાદ પડવાની સંભાવના રહી છે, અને ઓગસ્ટ-સપ્ટેમ્બર દરમિયાન ઓછો વરસાદ થવાની શક્યતા છે. પૂર્વ અને ઉત્તરપૂર્વીય ભાગો દેશના બાકીના વિસ્તારો કરતા વધારે સારી સ્થિતિમાં રહેશે, તેમ પણ એજન્સીએ દર્શાવ્યું છે. મન્થલી પરફોર્મન્સના રૂપમાં, વરસાદ જૂનમાં ૧૦૧ ટકા, જુલાઇમાં ૯૫ ટકા, ઓગસ્ટમાં ૯૨ ટકા અને સપ્ટેમ્બરમાં એલપીએના ૮૯ ટકા થવાનો અંદાજ રહ્યો છે, તેમ સ્કાયમેટે જણાવ્યું છે. એજન્સીએ એમ પણ દર્શાવ્યું છે કે એલપીએના ૯૦-૯૫ ટકા વરસાદ થવાની ૪૦ ટકા શક્યતા છે, જ્યારે દુકાળ કે સીઝનનો વરસાદ બેંચમાર્ક કરતા ૯૦ ટકા ઓછો રહે તેવા ૩૦ ટકા ચાન્સ છે.

ભારતીય મિટિઓરોલોજિકલ ડિપાર્ટમેન્ટ(આઇએમડી) ચોમાસા-૨૦૨૬ માટેનો અંદાજ ટૂંક સમયમાં પૂરો પાડશે.

દેશમાં ઇવીનું વેચાણ ૨૪.૬૦ ટકા વધીને ૨૪.૫૨ લાખ યુનિટના સ્તરે પહોંચ્યું

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૭



ભારતમાં કુલ ઇલેક્ટ્રિક વાહનોનનું છૂટક વેચાણ તેના અગાઉના વર્ષની સરખામણીએ નાણાકીય વર્ષ-૨૬માં ૨૪.૬ ટકા વધીને ૨૪.૫૨ લાખ યુનિટે પહોંચી ગયું હતું, સાથે પ્રત્યેક કેટેગરીએ ડિલિવરિંગમાં બે આંકડાનો વધારો નોંધાવ્યો હતો, તેમ ફેડરેશન ઓફ ડિલર્સ એસોસિએશન્સ(ફાડા)એ મંગળવારે જણાવ્યું હતું.

જ્યારે ઇલેકટ્રિક ટુ-વ્હિલર્સે ૧૪ લાખ યુનિટની સપાટી કૂદાવી હતી, ત્યારે ઇલેક્ટ્રિક પેસેન્જર વ્હિકલ રિટેલ સેલ્સ બે લાખ યુનિટના આંકડાને ચૂકી ગયા હતા, પરંતુ એફવાય-૨૬માં ૮૩.૬૩ ટકાનો ઉછાળો રહ્યો હતો, તેમ ફાડાએ એક નિવેદનમાં જણાવ્યું છે.

ભારતની ઇલેકટ્રિક મોબિલિટી સ્ટોરી માટે એફવાય-૨૬નું વર્ષ વોટરશેડ વર્ષ બની રહ્યું હતું.

સમગ્ર ટુ-વ્હિલર્સ, થ્રી-વ્હિલર્સ, પેસેન્જર બ્લિકલ્સ, અને કોમર્સિયલ વ્હિકલમાં કુલ ઇવી રિટેલ અંદાજે ૨૪.૫૨ લાખ યુનિટનું રહ્યું હતું, જે વાર્ષિક ૨૪.૬ ટકા વધ્યું હતું, તેમ ફાડા પ્રમુખ સીએસ વિઘ્નેશ્વરે જણાવ્યું હતું.

ઇલેકટ્રિક પીવી કેટેગરીમાં કુલ વેચાણો ૧,૯૯,૯૨૩ યુનિટના એફવાય-૨૬માં રહ્યા હતા, જે એફવાય-૨૫માં ૧,૦૮,૮૭૩ યુનિટના હતા, જે ૮૩.૬૩ ટકાનો વધારો દર્શાવે છે.

ઇલેકટ્રિક ટુ-વ્હિલર કેટેગરીએ એફવાય-૨૬માં ૨૧.૮૧ ટકાના વધારે ૧૪,૦૧,૮૧૮ યુનિટના વેચાણો નોંધાવ્યા હતા.

ઝેપ્ટોને રૂ.૧૧,૦૦૦ કરોડના આઈપીઓ માટે સેબી પાસેથી સૈદ્ધાંતિક મંજૂરી મળી

એકેઈ બ્યૂરો
નવી દિલ્હી, તા.૦૭

ક્વિક કોમર્સ સ્ટાર્ટઅપ ઝેપ્ટોને આગામી પ્રારંભિક જાહેર ઓફર માટે સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) પાસેથી સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે, તેમ આ બાબતથી માહિતગાર એક સૂત્રએ જણાવ્યું હતું. સોમવારે એઆરસીએ ડેવલપમેન્ટ રિપોર્ટ જમા કરાવ્યા હતો. કંપની ડિસેમ્બર ૨૦૨૫માં ગ્રૂપ રીતે ફાઈલિંગ કરી હતી અને આઈપીઓ મારફતે બોર્ડે રૂપિયા ૧૧,૦૦૦ કરોડ એકત્ર કરવાની મંજૂરી મળી ગઈ છે. કંપની મેના પ્રથમ સમાહમાં ફરી ફાઈલિંગ કરી શકે છે. ઝેપ્ટોએ એક પ્રમાપત્ર પણ સબમિટ કરવું પડશે જે પુષ્ટિ કરે છે કે તેણે ટેક્સિંગ ધ વોટર્સ પ્રક્રિયા પૂર્ણ કરી છે, જે આગામી રથી ૩ સમાહમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. અપટેડ પ્રોસ્પેક્ટમાં કંપની અંતિમ મંજૂરી આપે તેવી અપેક્ષા છે. ટીટીડબ્લ્યુએ એક પ્રી-માર્કેટિંગ પ્રક્રિયા છે જે ઊભરતી વૃદ્ધિ કંપનીઓને નોંધણી નિવેદન ફાઈલ કરતા પહેલા લાયક સંસ્થાકીય ખરીદદારો અને માન્યતા પ્રાપ્ત સંસ્થાકીય રોકાણકારો સાતે વાતચીત કરવાની મંજૂરી આપે છે.

■ ખર્ગ ટાપુ પર હુમલા બાદ ઇરાનમાં શાસન વ્યવસ્થા ફેરવાઇ જશે : ટ્રમ્પ

ઈરાનની સભ્યતાનો આજે મધરાત્રે અંત આવી જશે જંગી વિનાશની ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણી

ટ્રમ્પની અમેરિકાના સમય મુજબ આઠ એપ્રિલની મધ્યરાતે ઈરાનમાં હુમલા કરવાની ધમકી

પીટીઆઇ
નવી દિલ્હી, તા.૭



યુએસ પ્રમુખ ટ્રમ્પે ઈરાનને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ રૂટ ખુલ્લો મુકવા આપેલું અલ્ટીમેટમ પૂરુ થતાં ઈરાનની સભ્યતાનો સંપૂર્ણપણે નાશ કરવાની ધમકી આપી છે.

ઈરાનના ખર્ગ ટાપુ પર હુમલો કરી તેની સભ્યતા નાશ કરવાની ધમકી સોશિયલ મીડિયા મારફત આપી હતી.ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટ મારફત ઈરાનને ધમકી આપી હતી કે, હવે અમે ઈરાનમાં સત્તા બદલી દીધી છે. હવે ત્યાં પહેલાની તુલનાએ વધુ સ્માર્ટ અને ઓછા કટ્ટરપંથી લોકો છે. આજે રાતે (અમેરિકાના સમયપ્રમાણે આઠ એપ્રિલની મધ્યરાત્રે) અમે ઈરાનની સભ્યતાનો નાશ કરીશું. ત્યાં સત્તા પરિવર્તન થશે.

આ વધતો સંઘર્ષ નિર્ણયાત્મક ટર્નિંગ પોઇન્ટ બની શકે છે જ્યારે એવો પણ નિર્દેશ આપ્યો છે કે આનાથી તહેરાનમાં માળખાકીય ફેરફારની પણ શક્યતા રહી છે.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ રૂટ ખુલ્લો મુકવા માટે ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું. જે અમેરિકાના સમય મુજબ ૭ એપ્રિલની રાત્રે આઠ વાગ્યે પૂરુ થવાનું હતું.

અત્યારસુધીમાં ટ્રમ્પ ત્રણ વખત પોતાના અલ્ટીમેટમની સમય મર્યાદા વધારી ચૂક્યા છે. પ્રથમ વખત ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું. બાદમાં તે વધારી પાંચ દિવસ કર્યું હતું. અને બાદમાં ૧૦ દિવસની ડેડલાઈન આપી હતી. આ રીતે ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ ખુલ્લો મુકવા કુલ ૪૦૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું.

વિશ્વના ઇતિહાસમાં આને સૌથી વધુ અગત્યની ક્ષણોમાંની એક ગણાવતા, ટ્રમ્પે વધુમાં કહ્યું છે કે ૪૭ વર્ષના જોરજુલમ, ભ્રષ્ટાચાર અને મોતનો આખરે અંત આવશે. ઈરાન અમેરિકાની ધમકીથી ડર્યું નથી. તે ટસનું મસ થયુ નથી. તેણે ઈઝરાયલ અને અમેરિકાના ઠેકાણાં પર હુમલાઓ જારી રાખ્યા છે.આ નવી ચેતવણી ત્યારે આવી છે કે જ્યારે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવા માટેના ઇરાનને આપવામાં આવેલા અલ્ટિમેટમનો અંત આવી રહ્યો છે.

જો તહેરાન મંગળવારે યુદ્ધનો અંત લાવવા માટે સંમત ન થાય તો ઇરાનીઅન ઇન્ફ્રાસ્ટ્રક્ચરને લક્ષ્યાંક બનાવવાની તેમણે ધમકી આપી હતી,અને કહ્યું હતું કે તેઓ તમામ ઉડાવી દેવાનું અને ઓઇલ પર કબજો લઇ લેવાનું વિચારી રહ્યા છે.

''તમામ સિવિલાઇઝેશન આજે રાત્રે નાશ પામશે, અને તે ફરી ક્યારેય લાવી શકાશે નહીં.

હવે શું બનશે તે હું જાણતો નથી, પરંતુ કદાચ આવું બનશે, તેમ તેમણે ટ્રુથ સોસિયલ પર લખ્યું હતું, જે હુમલાઓ દ્વારા વિનાશ વધારવાનો સંકેત આપે છે.

ટ્રમ્પે એવું પણ સૂચન કર્યું છે કે આવા હુમલાઓ ઇરાનમાં રાજકીય પરિવર્તન માટેનો ચીલો ચાતરી શકે છે. ''

જો કે અમે હવે તે પૂર્ણ કરીશું અને તે પૂર્ણ વ્યવસ્થા ફેરફાર હશે, જેમાં અલગ, સ્માર્ટર, અને ઓછા રેડિકલાઇઝ્ડ માઇન્ડ્સ પ્રવર્તતા હશે, જે કંઇક ક્રાંતિકારી, આશ્ચર્યજનક બની શકે છે, તેમ તેમણે જણાવ્યું છે.

યુએસ-ઇઝરાયલ ઇરાનના મુખ્ય ઓઇલ નિકાસ ટર્મિનલ-ખર્ગ આઇઝલેન્ડને લક્ષ્યાંક બનાવીને હુમલા કરી રહ્યા છે.

ફાયનાન્સિયલ એક્સપ્રેસ

ભારતીય કંપનીઓની આરએન્ડડીમાં રોકાણની અનિચ્છા

નવીનીકરણ વગરનો વિકાસ અશક્ય: ભારતીય ઉદ્યોગોએ જોખમ ખેડવાની તૈયારી રાખવી જોઇએ

ભારતની હાઇ-ઇનકમ અને ટેકનોલોજી આધારિત અર્થતંત્ર બનવાની મહત્વાકાંક્ષા એક સતત પજવતા સત્ય સાથે અથડાય છે. કોર્પોરેટ ઇન્ડિયા રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (આરએન્ડડી)માં ઓછું રોકાણ કરે છે. આના પરિણામો તમામ ક્ષેત્રોમાં સ્પષ્ટ દેખાય છે જ્યાં સ્થાનિક કંપનીઓ વૈશ્વિક ટેકનોલોજીનાં સર્જક બનવાને બદલે માત્ર ચપળતાથી તેને અપનાવનારા તરીકે મર્યાદિત રહી છે. આ મોડેલ લાંબા સમય માટે ટકાઉ નથી.

ભારતનો આરએન્ડડી ખર્ચ જીડીપીના અંદાજે ૦.૬-૦.૭ ટકાની આસપાસ છે, જે વધુ વિકસિત અર્થતંત્રો અને અન્ય ઊભરતા દેશો કરતા ઘણો ઓછો છે. વધુ ગંભીર બાબત એ છે કે આ ખર્ચમાં ખાનગી ક્ષેત્રનો હિસ્સો ઘણો ઓછો છે, જ્યારે સરકાર હજુ પણ લગભગ બે તૃતીયાંશ બોજ ઉઠાવી રહી છે. મોટા ભાગનાં ઇનોવેશન આધારિત અર્થતંત્રોમાં આ ગુણોત્તર ઉલ્ટો હોય છે. આ માત્ર આંકડાકીય તફાવત નથી, પરંતુ તે ભારતનાં ગ્રોથ મોડેલની માળખાગત નબળાઈ દર્શાવે છે. આરએન્ડડીમાં રોકાણ કરવામાં કોર્પોરેટ જગતની અનિચ્છાને ઘણીવાર ટૂંકી દ્રષ્ટિ તરીકે જોવામાં આવે છે, જ્યાં ટેકનોલોજીનાં સર્જન કરતા માર્કેટ શેર મેળવવાને પ્રાધાન્ય આપવામાં આવે છે. આ ટીકામાં તથ્ય છે. ઘણી કંપનીઓએ લાંબા ગાળાનાં ઇનોવેશનને બદલે સ્કેલ, ખર્ચ કાર્યક્ષમતા અને નાણાકીય પ્રદર્શનને મહત્વ આપ્યું છે અને આયાતી ટેકનોલોજી, લાઇસન્સિંગ કરારો અથવા નાના સુધારાઓ પર નિર્ભર રહી છે.

આ વ્યૂહરચનાએ ભારતની વેલ્યુ ચેઇનમાં આગળ વધવાની ક્ષમતાને મર્યાદિત કરી છે. તેમ છતાં તેને માત્ર કોર્પોરેટ હેતુની નિષ્ફળતા તરીકે જોવી તે અતિ સરળ ગણાશે. ભારતમાં આરએન્ડડીનું અર્થશા-ા અસાધારણ રીતે પડકારજનક છે. અહીં પે-બેક પિરિયડ લાંબો છે. જોખમો વધુ છે અને પ્રયોગશાળાથી બજાર સુધીનો માર્ગ-એટલે કે વ્યાપારીકરણનો તફાવત-ઘણો મોટો અને અનિશ્ચિત છે. એક વારંવાર આવતી સમસ્યા એ છે કે આશાસ્પદ સંશોધનો ઘણી વાર પાયલટ તબક્કાથી આગળ વધવામાં નિષ્ફળ જાય છે. પ્રોટોટાઇપિંગ, ટેસ્ટિંગ અને સ્કેલિંગ માટેની મજબૂત વ્યવસ્થાનાં અભાવને કારણે ઇનોવેશન વળતર આપે તે પહેલાં જ અટકી જાય છે.

ભારતનો આરએન્ડડી ખર્ચ જીડીપીના માત્ર ૦.૬-૦.૭ ટકાનો, જે વિકસિત અર્થતંત્રો અને ઊભરતા દેશો કરતાં ઘણો ઓછો છે

શોધ અને અમલીકરણ વચ્ચેની આ ડેથ વેલી એક મોટો અવરોધ છે. જ્યારે વ્યાપારી સફળતાની સંભાવના અસ્પષ્ટ હોય અને સમયરેખા અણધારી હોય ત્યારે કંપનીઓ મૂડી રોકતા ડરે છે. પેશન્ટ કેપિટલની સુલભતા મર્યાદિત છે. ટેકનોલોજી ટ્રાન્સફર અવિકસિત છે અને ઉદ્યોગ-શૈક્ષણિક જગત વચ્ચેનું જોડાણ નબળું છે. પરિણામે, જાહેર ભંડોળથી થયેલા સંશોધનોને પણ ઉદ્યોગોમાં સ્થાન મેળવવામાં મુશ્કેલી પડે છે. તેથી, વધુ પરિપક્વ ઇનોવેશન ઇકોસિસ્ટમની તુલનામાં ભારતમાં આરએન્ડડી પર અપેક્ષિત વળતર માળખાગત રીતે નીચું જણાય છે.આનાથી સ્પષ્ટ થાય છે કે કંપનીઓ ટેકનોલોજી બનાવવાને બદલે તેની આયાત કે અનુકૂલન કરવાનું કેમ પસંદ કરે છે. આ માત્ર જોખમથી બચવાની વૃત્તિ નથી પરંતુ જ્યાં વ્યાપારીકરણ અનિશ્ચિત હોય ત્યાં તાર્કિક મૂડી ફાળવણી છે. પરંતુ આ એક એવું ચક્ર બનાવે છે જે પોતાની જાતને જ નુકસાન પહોંચાડે છે.

નબળું વ્યાપારીકરણ આરએન્ડડી રોકાણને નિરુત્સાહ કરે છે અને ઓછું આરએન્ડડી રોકાણ ઇનોવેશનનાં પરિણામોને વધુ નબળું પાડે છે. કોર રિસર્ચમાં સતત રોકાણ કર્યા વગર ભારત વૈશ્વિક ટેકનોલોજીનું સર્જક બનવાને બદલે માત્ર એક સુસજ્જ ગ્રાહક બનીને રહી જવાનું જોખમ ઉઠાવી રહ્યું છે. સરકારે આ મુદ્દાને ઓળખ્યો છે. સૂચિત એક લાખ કરોડનાં રિસર્ચ કોર્પસ (સંશોધન ભંડોળ) જેવી પહેલોનો હેતુ ખાનગી રોકાણને પ્રોત્સાહિત કરવા માટે જાહેર ભંડોળનો ઉપયોગ કરવાનો છે. જોકે ઉદ્યોગ જગતની ઓછી ભાગીદારીના શરૂ આતનાં સંકેતો સૂચવે છે કે માત્ર ઇરાદો પૂરતો નથી. નીતિઓએ ખાનગી મૂડીને રોકતા જોખમોને સીધી રીતે દૂર કરવા જોઇએ. લક્ષિત પ્રોત્સાહનો આવશ્યક છે, આરએન્ડડી માટે વધારાની ટેક્સ ક્રેડિટ. પ્રારંભિક તબક્કાનાં સંશોધનને જોખમમુક્ત કરતા કો-ફન્ડીંગ મોડેલ્સ અને સ્થાનિક ઇનોવેશનને પુરસ્કૃત કરતા પ્રોક્યોરમેન્ટ ફ્રેમવર્ક. એટલું જ મહત્વનું છે કે, વ્યાપારીકરણમાં અનિશ્ચિતતા ઘટાડવા માટે બૌદ્ધિક સંપદાનાં નિયમોથી લઇને ટેકનોલોજી ટ્રાન્સફર સિસ્ટમ્સ અને ઉદ્યોગ શિક્ષણ જગતની ભાગીદારી સુધીની આરએન્ડડી ઇકોસિસ્ટમ્સને મજબૂત બનાવવી જોઇએ. આમાંથી કંઇ પણ કોર્પોરેટ ઇન્ડિયાને તેની જવાબદારીમાંથી મુક્ત કરતું નથી. આરએન્ડડી એ કોઇ વૈકલ્પિક ખર્ચ નથી પરંતુ વ્યૂહાત્મક જરુરિયાત છે.

નશીલા દ્રવ્યોનાં ટ્રેકિંગ માટે ટૂંક સમયમાં રિયલ-ટાઇમ પોર્ટલ શરૂ કરવામાં આવશે



મનુ કૌશિક

નશીલા દ્રવ્યોની ગેરકાનૂની હેરફેરને રોકવા માટે સરકાર નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સિસ (એનડીપીએસ) એક્ટ, ૧૯૮૫ હેઠળ પ્રતિબંધિત ફાર્મા પ્રોડક્ટ્સનું ટ્રેકિંગ કરવા રિયલ ટાઇમ ડિજિટલ પોર્ટલ વિક્સાવશે.ડ્રગ્સ કન્સલ્ટેટિવ કમિટીની તાજેતરની બેઠકમાં આ દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી, જેણે ઉત્પાદનથી માંડીને આયાત નિકાસ, વેચાણ, વિતરણ અને સ્ટોક મેનેજમેન્ટને આવરી લેતી કેન્દ્રીયકૃત એન્ડ-ટુ-એન્ડ ટ્રેકિંગ સિસ્ટમ રચવા ભલામણ કરી હતી. હાલમાં, દેશમાં સ્થાનિક નશીલા દ્રવ્યો માટે સર્વગ્રાહી ટ્રેક-એન્ડ-ટ્રેસ સિસ્ટમ નથી. વિદેશ વ્યાપારનાં ડાયરેક્ટર જનરલ (ડીજીએફટી)ની પહેલ ડ્રગ ઓથેન્ટિકેશન એન્ડ વેરિફિકેશન એપ્લિકેશન (***DAVA***) દ્વારા નિકાસ પર દેખરેખ રાખવામાં આવે છે પણ આંતરિક સપ્લાય ચેઇન, ખાસ કરીને વિતરક અને રિટેલ સ્તર પર નબળી છે. શીડ્યુલ ૧૦માં સમાવિષ્ટ નશીલા દ્રવ્યોનાં ઉત્પાદન પર ભારે નિયમન છે તેથી સૂચિત પોર્ટલ રિટેલર્સ અને વિતરકો પર ફોકસ કરે તેવી સંભાવના છે. આરોગ્યા લીગલના સ્થાપક પાર્ટનર અનાય શુક્લાએ જણાવ્યું,આવી સિસ્ટમથી નશીલા દ્રવ્યોનાં આંતરરાજ્ય વેપારને ડામવામાં મદદ કરશે. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ રુલ્સ (૧૯૪૫) હેઠળ શીડ્યુલ ૧૦ દવાઓમાં લેબિટ-ફોર્મિંગ, સાયકોટ્રોપિક અને નાર્કોટિક સબસ્ટિન્સીસનો સમાવેશ થાય છે.

● આરબીઆઇ પોલિસી

વૈશ્વિક પડકારો વચ્ચે વ્યાજદરો અને નાણાકીય સ્થિરતા જાળવી રાખવાની આરબીઆઇની કઠિન કસોટી

આર્થિક સ્થિરતા અને આરબીઆઇનો પડકાર

સમીરન ચક્રવર્તી
ચીફ ઇકોનોમિસ્ટ, ઇન્ડિયા, સિટી બેન્ક



રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)ની ૮ એપ્રિલની મોનેટરી પોલિસી કમિટી (એમપીસી)ની બેઠક ભારતની મેક્રો-ઇકોનોમી માટે એક નિર્ણાયક ક્ષણે આવી રહી છે. પશ્ચિમ એશિયામાં તાજેતરનાં વધેલા સંઘર્ષે ગોલ્ડિલોક્સ (સાનુકુળ) વાતાવરણને ખોરવી નાખ્યું છે. આનાથી એવા સમયે વૈશ્વિક સ્તરે સ્ટેગફ્લેશનરી (વિકાસ રૂંધાવો અને ફુગાવો વધવો) આંચકો આપ્યો છે, જ્યારે વૃધ્ધિ મજબૂત પાયા પર હતી અને ફુગાવો નિર્ણાયક રીતે ઘટ્યો હતો. કોમોડિટીનાં ભાવ પર તાત્કાલિક અસર ઉપરાંત આ સંઘર્ષ બેલેન્સ ઓફ પેમેન્ટ ખાધ લાંબા સમય સુધી ચાલુ રહેવાનું જોખમ વધારે છે, જ્યારે સાથે સાથે રૂપિયા પરનું દબાણ પણ વધારે છે. જોકે આ બેઠકમાં પોલિસી રેટ (વ્યાજ દરો)માં ફેરફારની શક્યતા ઓછી જણાય છે, પરંતુ બજારનું ધ્યાન સંપૂર્ણપણે આરબીઆઇના સંવાદ પર રહેશે. આરબીઆઇનાં નિવેદનનો સૂર એ નક્કી કરશે કે કેન્દ્રીય બેન્ક વધુ અનિશ્ચિત બાહ્ય વાતાવરણનો સામનો કરવા માટે ડોવિશ (નરમ) કે હોકિશ (કઠોર) વલણ ધરાવે છે.

એપ્રિલની એમપીસી બેઠક અર્ધવાર્ષિક મોનેટરી પોલિસી રિપોર્ટ (એમપીઆર) સાથે આવે છે, જે પરંપરાગત રીતે વૃદ્ધિ અને ફુગાવા માટે આરબીઆઇનાં મૂળભૂત અંદાજો રજૂ કરે છે. આ વખતે આ કાર્ય અસાધારણ રીતે જટિલ છે. ફેબ્રુઆરીમાં, આરબીઆઇએ સુધારેલા જીડીપી અને કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઇ) સીરીઝની રજૂઆતની રાહમાં નાણાકીય વર્ષ ૨૦૨૭નાં વૃદ્ધિના અંદાજો મોકૂફ રાખવાનું નક્કી કર્યું હતું. હવે અપડેટ કરેલા ડેટા ઉપલબ્ધ હોવા છતાં વર્તમાન વાતાવરણમાં આગાહી કરવી એ તેલનાં ભાવ, વિનિમય દરો અને ભૌગોલિક રાજકીય વિક્ષેપનાં સંભવિત ગાળા અને તીવ્રતા તેમજ સંઘર્ષ પછીનું નવું સામાન્ય કેવું હશે તે અંગેનાં મુશ્કેલ નિર્ણયો લેવા સમાન છે.

ફુગાવાની આગાહીની જટિલતા રાજકોષીય હસ્તક્ષેપને કારણે વધી છે. સરકાર એક્સાઇઝ અને ઇમ્પોર્ટ ડ્યુટી એડજસ્ટમેન્ટ દ્વારા ફુગાવાની અસરનો એક ભાગ સહન કરે છે પરંતુ તે ક્યાં સુધી આવું કરશે તે એક પ્રશ્ન છે. આ પૃષ્ઠભૂમિમાં સાધારણ સુધારાની શક્યતા જણાય છે- નાણાકીય વર્ષ ૨૦૨૭ની વૃદ્ધિમાં નાનો ઘટાડો (૧૦થી ૩૦ બેસિસ પોઇન્ટ્સની રેન્જમાં) અને તેની સાથે ઉચ્ચ ફુગાવાનો અંદાજ (૩૦-૫૦ બેસિસ પોઇન્ટ્સ). જોકે, આ અંદાજોની આસપાસ રહેલી અસાધારણ અનિશ્ચિતતાને જોતાં ચોક્કસ આંકડાઓ કરતા આરબીઆઇની ટિપ્પણી દ્વારા વ્યક્ત થતો અંતર્ગત પોલિસી ઝુકાવ વધુ મહત્વનો રહેશે.

જેમ જેમ સંઘર્ષ લંબાઈ રહ્યો છે તેમ નાણાકીય સ્થિરતા દબાણ હેઠળ આવી છે. ખાસ કરીને બોન્ડ યીલ્ડમાં તીવ્ર વધારાનાં સ્વરૂપમાં

નીતિ વિષયક ચર્ચા માટેનો એક મુખ્ય મુદ્દો એ છે કે આરબીઆઇ આ આંચકાની ફુગાવાજનક અસર સાથે કેવી રીતે કામ પાર પાડે છે. પરંપરાગત નાણાકીય નીતિની સમજ સૂચવે છે કે કેન્દ્રીય બેન્કોએ કામચલાઉ સપ્લાય-સાઇડ આંચકાઓને અવગણવા જોઇએ. ખાસ કરીને, કારણ કે તેઓ સાપેક્ષ ભાવોને અસર કરે છે અને સામાન્ય ભાવ સ્તરને નહીં. આ તબક્કે આરબીઆઇ માટે સેકન્ડ-રાઉન્ડ અસરો પર ધ્યાન કેન્દ્રીત કરવું અપરિપક્વ હોઈ શકે છે. જોકે, તે યોગ્ય રીતે આને નજીકથી દેખરેખની જરૂર હોય તેવા જોખમ તરીકે ચિહ્નિત કરશે.

મહત્વની વાત એ છે કે યુક્રેન યુધ્ધ વખતની સરખામણીએ આ વખતે શરૂઆતનો તબક્કો ઘણો આરામદાયક છે. હેડલાઇન અને કોર ફુગાવો સારી રીતે નિયંત્રણમાં છે. સિટીબેન્કનાં અંદાજો સૂચવે છે કે સીપીઆઇ બાસ્કેટનાં અંદાજે ૧૪ ટકા ભાગનો વૈશ્વિક ભાવો સાથે સીધો સંબંધ છે. પેટ્રોલનાં રિટેલ ભાવ યથાવત રહે એવું ધારીએ તો રૂપિયામાં પાંચ ટકાનાં ઘટાડાથી અને હેડલાઇન ફુગાવામાં આશરે ૩૫થી ૪૦ બેસિસ પોઇન્ટનો ઉમેરો થશે. પ્રમાણમાં પ્રતિકુળ પરિસ્થિતિમાં પણ ફુગાવો આરબીઆઇની ઉપલી સહનશીલતા મર્યાદા છ ટકાને વટાવવાનું જોખમ મર્યાદિત છે. નાણાકીય નીતિ પણ ઘણી તટસ્થ સ્થિતિથી શરૂ થઈ રહી છે, જેમાં રેપો રેટ ૫.૨૫ ટકા છે, જ્યારે યુક્રેન સંઘર્ષ દરમિયાન અસરકારક દર માત્ર ૩.૩૫ ટકા હતો.


આ સાથે, વૃદ્ધિનો અંદાજ વધુ નાજુક બન્યો છે. વધેલી અનિશ્ચિતતા, કડક નાણાકીય સ્થિતિ અને સપ્લાય-ચેઇન વિક્ષેપો સ્પષ્ટ જોખમો ઊભા કરે છે. નિયંત્રિત ફુગાવો અને વધતી જતી વૃધ્ધિની અનિશ્ચિતતાનું સંયોજન ધીરજ રાખવાની ભારપૂર્વક હિમાયત કરે છે. તટસ્થ વલણ જાળવી રાખવાથી પોલિસીમાં સુગમતા રહેશે અને એક વાર વધુ સ્પષ્ટતા ઊભરી આવે પછી આરબીઆઇ ઝડપથી પ્રતિસાદ આપી શકશે. કેટલાંક વિશ્લેષકો વાસ્તવિક દરોનાં દૃષ્ટિકોણથી નીતિવિષયક ચર્ચા કરી શકે છે. જો આરબીઆઇ ફુગાવાના આંચકાને વધુ સ્થિર માને અને તેનાં એક વર્ષ આગળનાં ફુગાવના અંદાજને ૪.૫ ટકાથી ઉપર સુધારે, તો વાસ્તવિક પોલિસી રેટ ઘટીને આશરે ૭૫ બેસિસ પોઇન્ટ થઈ જશે- જે આરબીઆઇનાં આશરે ૧૫૦ બેસિસ પોઇન્ટનાં તટસ્થ વાસ્તવિક દરનાં પોતાના અંદાજ કરતા ઓછો છે. જોકે, આ સૈધ્ધાંતિક રીતે કડક વલણને વાજબી ઠેરવી શકે છે, પરંતુ ફુગાવાની ગતિશીલતા અને વૃધ્ધિનાં જોખમોની આસપાસની અનિશ્ચિતતાનાં સ્તરને જોતાં આવું મૂલ્યાંકન અપરિપક્વ ગણાશે.

તરલતાની સ્થિતિ ધ્યાન કેન્દ્રીત કરવા માટેનું બીજું ક્ષેત્ર હશે. તાજેતરનાં મહિનાઓમાં આરબીઆઇએ ઓપન માર્કેટ ઓપરેશન્સ અને એફએક્સ સ્વેપ્સ દ્વારા ટકાઉ તરલતા પૂરી પાડવા માટે સક્રિયપણે કામ કર્યું છે, જે વિદેશી મુદ્રા હસ્તક્ષેપનાં કારણે આવતા દબાણને હળવું કરે છે. બજારની અસ્થિરતા વચ્ચે નાણાકીય સ્થિતિ તીવ્રપણે કડક થવા સાથે, આરબીઆઇ કયા સાધનોનો ઉપયોગ કરશે તેનો સ્પષ્ટ સંકેત આપ્યા વિના પૂરતી તરલતા માટે તેની પ્રતિબદ્ધતા પર ભાર મૂકવાનું ચાલુ રાખે તેવી શક્યતા છે.

જોકે, એમપીસી સ્ટેટમેન્ટ સામાન્ય રીતે બાહ્ય ક્ષેત્ર પર સ્પષ્ટ ટિપ્પણી ટાળે છે. પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૭માં સતત ત્રીજા વર્ષે બેલેન્સ ઓફ પેમન્ટનુ વધતું જોખમ આને એક અનિવાર્ય મુદ્દો બનાવે છે. તાજેતરનાં નિયમનકારી ફેરફારો અને તેનાં પછી રૂપિયાની અસ્થિરતાએ આરબીઆઇને બીઓપી સુધારવા માટે વધુ ટકાઉ બાહ્ય વ્યવસ્થિત વ્યૂહરચના વિચારવા માટે થોડો અવકાશ આપ્યો છે. તે મદદરૂપ થશે જો આરબીઆઇ પુનરોચ્ચાર કરે કે તેની વ્યાજદર નીતિ ફુગાવાલક્ષી માળખામાં નિશ્ચિતપણે જોડાયેલી છે અને ચલણનાં બચાવ તરીકે દરોનો ઉપયોગ કરવાનો કોઈ તાત્કાલિક કેસ નથી. સંઘર્ષ બાદ રૂપિયાની હિલચાલ અન્ય ઊભરતા બજારનાં ચલણો સાથે સુસંગત રહી છે. આરબીઆઇ તરફથી સ્પષ્ટ સંકેત કે ભારત ૨૦૧૩ શૈલીનાં બીઓપી તણાવનાં પ્રકરણથી ઘણું દૂર છે, તે બજારોને આશ્વસ્ત કરવામાં ઘણી મદદ કરશે.

છેવટે પોલિસી સંવાદે શાંતિ અને વાસ્તવિકતા વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું જોઇએ. વૈશ્વિક અસ્થિરતાને સ્થાનિક બજારોમાં ફેલાતી અટકાવવા માટે આરબીઆઇએ શરૂઆતમાં ઝડપી કાર્યવાહી કરી હતી.

આવક વેરા કાયદો ૨૦૨૫ અમલમાં આવી ગયો



અજીત સી શાહ
કરવેરા સલાહકાર

કંપની અને કો-ઓપરેટિવ સોસાયટીના દરમાં કોઇ ફેરફાર કરાયોનથી. જ્યારે ભાગીદારી પેઢી અને લિમિટેડ લાયબિલિટી પેઢી ઉપર પણ ૩૦ ટકા નો જે દર છે તેમાં કોઇ ફેરફાર થયો નથી

પ્રિય વાચક મિત્રો, સૌ પ્રથમ તો ૧લી એપ્રિલને લક્ષ્યપુર્વક યાદ કરી શુભેચ્છા પાઠવતા જણાવવાનું કે નવું વર્ષ આપના માટે સુખ,સંપત્તિ અને સમૃધ્ધિ આપનાર નિવડે તેવી મારી શુભેચ્છા સામાન્ય રીતે આપણા દેશમાં એપ્રિલ થી શરૂ થનાર વર્ષ જેને આપણે સૌ નાણાકીય વર્ષ કહીને ઓળખતા હતા તેને હવેથી એપ્રિલ થી માર્ચ નું વર્ષ ગણવાનું રહેશે. આખું વર્ષ જેમાં જે કમાણી કરી હશે એટલે કે જે આવક મેળવી તેના ઉપર કેટલો વેરો ભરવાનો આવશે તે નક્કી કરતા પહેલા અગાઉના વર્ષમાં કેટલો વેરો ભરતા હતા તે પ્રમાણે ગણતરી કરીને તમારે તમારું આવક વેરાનું સ્ટેટમેન્ટ તૈયાર કરવાનું રહેશે અને તેને તમારા પ્રમાણે ગણતરી કરી કયા માળખા પ્રમાણે ફાયદો થઈ શકે તે પ્રમાણે તમારે તમારું આવકવેરાનું પત્રક અને ૧લી એપ્રિલ ૨૦૨૪ થી તા. ૩૧ મી માર્ચ,૨૦૨૬ની આવક ની ગણતરી કરવાની રહેશે સૌ પ્રથમ આપણે જાણી લઈએ કે જુના કરમાળખામાં શું રાહત રહેતી હતી જે નવા કરમાળખામાં નથી, તો આપણે પહેલા જુના કર માળખામાં આવક વેરો ક્યા દરે અને કઈ રીતે ગણતરી કરતા તેની વિગત જોઈએ. આવકવેરાના દર (જુના માળખા પ્રમાણે)

દરેક વ્યકિત-હિન્દુ અવિભકત કુટુંબ વગેરે (સીનીયર સિટીઝન સિવાય)

જે ભારતીય રહીશ હોય અને જે વ્યકિતની ૬૦ વર્ષથી વધારે ઉંમર હોય પરંતુ ૮૦ વર્ષથી ઓછી ઉમર હોય તો

કુલ આવક	આવકવેરાનો દર
૩.૫,૦૦,૦૦૦ સુધી	શુન્ય
૩.૫,૦૦,૦૦૧ થી ૩.૧૦,૦૦,૦૦૦	૨૦%
૩.૧૦,૦૦,૦૦૦ થી વધારે	૩૦%

કુલ આવક	આવકવેરાનો દર
૩.૨,૫૦,૦૦૦ સુધી	શુન્ય
૩.૨,૫૦,૦૦૧થી ૩.૫,૦૦,૦૦૦	૫%
૩.૫,૦૦,૦૦૧ થી ૩.૧૦,૦૦,૦૦૦	૨૦%
૩.૧૦,૦૦,૦૦૦ થી વધારે	૩૦%

જો વ્યકિત જે ભારતીય રહીશ હોય જેની ઉમર ૮૦ વર્ષ કે તેનાથી વધારે હોય તો

આવકવેરા જે લાગવાપાત્ર થાય તેમાં સરચાર્જ

કુલ આવક	આવકવેરાનો દર
૩.૩,૦૦,૦૦૦ સુધી	શુન્ય
૩.૩,૦૦,૦૦૧થી ૩.૫,૦૦,૦૦૦	૫%
૩.૫,૦૦,૦૦૧ થી ૩.૧૦,૦૦,૦૦૦	૨૦%
૩.૧૦,૦૦,૦૦૦ થી વધારે ૩૦%	૨૦%

ગણીને કુલ આવકવેરો ભરવાનો રહેશે

જુના કરમાળખા ગણતરી મુજબ વિગત આવકના -ોત વ્યકિતની આવકમાં કયા પ્રકારની આવકનો સમાવેશ થાય જેમાં વ્યાજની આવક ડિવિડન્ડ,પગાર ધંધા રોજદગારની અવાક,મકાન ભાડાની આવક તેમજ કોઈપણ કાયદસરની આવક - સરચાર્જ

૧.કુલ આવક જેમાં ડિવિડન્ડ ની આવક અથવા મુડી નફાની આવકનો સમાવેશ થતો હોય અને તે આવક પચાસ લાખથી વધારે ન હોય તો- શુન્ય

૨. ઉપર ૧માં જણાવ્યા મુજબ જેમાં ડિવિડન્ડ અથવા મુડી નફાની આવક રૂપિયા પચાસ લાખથી વધારે પણ રૂપિયા એક કરોડથી ઓછી હોય -૧૦ટકા

૩.ઉપર જણાવેલ આવક જેમાં ડિવિડન્ડ અથવા મુડી નફાની આવક રૂપિયા એક કરોડથી વધારે પણ બે કરોડથી ઓછી હોય - ૧૫ટકા

૪.રૂપિયા બે કરોડથી વધારે પણ રૂપિયા પાંચ કરોડથી ઓછી હોય -૨૫ટકા ૫.રૂપિયા પાંચ કરોડથી વધારે હોય ૩૭ટકા આવકવેરાના દર નવા માળખા પ્રમાણે

કુલ આવક	સુચવેલા દર
રૂ.૪,૦૦૦,૦૦૦ સુધીની આવક	શુન્ય
રૂ. ૪,૦૦,૦૦૧ થી ૮,૦૦,૦૦૦ સુધીની આવક	૫ ટકા
રૂ. ૮,૦૦,૦૦૧ થી ૧૨,૦૦,૦૦૦ સુધીની આવક	૧૦ ટકા
રૂ.૧૨,૦૦,૦૦૧ થી રૂ.૧૬,૦૦,૦૦૦ સુધીની આવક	૧૫ ટકા
રૂા.૧૬,૦૦,૦૦૧ થી રૂ.૨૦,૦૦,૦૦૦ સુધીની આવક	૨૦ ટકા
રૂ.૨૦,૦૦,૦૦૧ થી રૂ.૨૪,૦૦,૦૦૦ સુધીની આવક	૨૫ ટકા
રૂ.૨૪,૦૦,૦૦૧ થી વધારે	૩૦ ટકા,આપણને ખબર છે કે વ્યકિત અને હ.ઉ.ફ કરતા ને કલમ ૮૭ એ હેટડ ૬૦,૦૦૦ સુધીનું વળતર મળે છે એટલે એવું કહી શકાય કે વ્યકિત અને હ.ઉ.ફ કરતા એ રૂ.૧૨,૦૦,૦૦૦ ની આવક સુધી કરભરવનો નહી આવે ઉપર પ્રમાણે જોતા રૂ.૧૨,૦૦,૦૦૦ ની આવક માટે આવકવેરો રૂ.૬૦.૦૦૦ થાય છે પરંતુ કલમ ૮૭ એ મુજબ રૂ.૬૦.૦૦૦ ની રિબેટ ગણતા હોવાથી કોઈ પણ ટેકસ ભરવાનો થશે નહી. કંપની અને કો-ઓપરેટિવ સોસાયટીના દરમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જ્યારે ભાગીદારી પેઢી અને લિમિટેડ લાયબિલિટી પેઢી ઉપર પણ ૩૦ ટકા નો જે દર છે તેમાં કોઈ ફેરફાર થયો નથી.

માર્ચમાં રિટેલ મોંઘવારી વધીને ૩.૫ ટકા થવાની શક્યતા

ઇંધણના ભાવોમાં વૃદ્ધિના પગલે રિટેલ ફુગાવો ૦.૫ ટકા વધીને ૧૩ માસના ટોચે પહોંચવાની ભીતિ

કુલદીપ સિંહ

પશ્ચિમ એશિયામાં યુદ્ધના લીધે માર્ચમાં રિટેલ મોંઘવારી વધી ૩.૫ ટકા થવાનો અંદાજ અર્થશા-ીઓ આપી રહ્યા છે. તેમના મતે, ઈંધણના ભાવોમાં વૃદ્ધિના પગલે રિટેલ ફુગાવો માર્ચમાં ૧૩ માસના ટોચે પહોંચવાની ભીતિ છે.

એકઈ દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ અર્થશા-ીઓને આવરી લેતાં સર્વેમાં માર્ચમાં રિટેલ ફુગાવો ફેબ્રુઆરીની તુલનાએ ૦.૫ ટકા આસપાસ વધી ૩.૫ ટકા નોંધાવાની શક્યતા વ્યક્ત થઈ છે. રિટેલ ફુગાવો ફેબ્રુઆરીમાં ૩.૨ ટકા અને જાન્યુઆરીમાં ૨.૭૫ ટકા હતો. જો અર્થશા-ીઓએ આપેલા અંદાજ મુજબ ફુગાવો નોંધાયો તો સળંગ ૧૪માં મહિને રિટેલ ફુગાવો આરબીઆઈના ૪ ટકાના લક્ષ્યાંકથી નીચે રહેશે.



આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા ૧૩ એપ્રિલના રોજ રિટેલ ફુગાવાના આંકડા સત્તાવાર ધોરણે જાહેર કરવામાં આવશે. સાત અર્થશા-ીઓએ રિટેલ ફુગાવો ૩.૩ ટકા અને ૪ ટકાની રેન્જમાં રહેવાનો અંદાજ આપ્યો છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં આક્રમક વૃદ્ધિ થઈ હતી. જેના પગલે મોંઘવારી વધી છે. એચડીએફસી બેન્કના ચીફ ઈકોનોમિસ્ટ સાક્ષી ગુમાએ ઈંધણના ઊંચા ભાવના કારણે માર્ચમાં સીપીઆઈ ફુગાવો ૪ ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો. તેમણે કહ્યું કે, ઈંધણમાં ફુગાવો ૧૧ ટકા સુધી વધવાની શક્યતા છે. ફ્યુલ બાસ્કેટમાં માર્ચમાં એલપીજીના ભાવ માસિક ધોરણે ૫.૬ ટકા વધ્યા છે. ઉર્જા કટોકટીમાં ઘણા ઘરોએ વૈકલ્પિક ઉર્જા પરની નિર્ભરતા વધારતાં બળતણના લાકડા અને ચીપ્સના ભાવમાં પણ વધારો થયો છે.

મદ્રાસ સ્કૂલ ઓફ ઈકોનોમિક્સના ડિરેક્ટર એન.આર. ભાનુમતીએ જણાવ્યું હતું કે, ફુગાવા પર દબાણ વધ્યું છે. કૂડના ભાવમાં વૃદ્ધિની અસર ક્યાં સુધી વિસ્તરિત થશે, તેનો ખ્યાલ નથી. ડોલર સામે રૂપિયામાં અવમૂલ્યન પણ એક અન્ય પરિબળ છે. જેણે સપ્લાય ચેઈનમાં માલના ભાવમાં વધારો કર્યો હોઈ શકે છે. કોમોડિટીના ભાવ પણ વધ્યા છે.આઈડીએફસી ફર્સ્ટ બેન્કના ચીફ ઈકોનોમિસ્ટ ગૌરા સેન ગુપ્તાના મતે, ફુગાવામાં વધારો પ્રતિકૂળ પાયાની અસરોને કારણે છે. એલપીજી, જેટ ફ્યુલ, કેરોસીનના ભાવ વધ્યા છે.

અર્થશા-ીઓએ માર્ચમાં ખાદ્ય ફુગાવો વાર્ષિક ધોરણે ૩.૩ ટકાથી ૫.૩ ટકાની રેન્જમાં રહેવાનો અંદાજ મૂક્યો છે. જો કે, સીપીઆઈ બાસ્કેટમાં ફુડ એન્ડ બેવરેજીસનું વેઈટેજ ૨૦૨૪માં ઘટી ૩૬.૭૫ ટકા થયુ છે. જે ૨૦૧૨માં ૪૫.૮૬ ટકા હતું. ફેબ્રુઆરીમાં ખાદ્ય ફુગાવો ૩.૪૭ ટકા રહ્યો હતો.

REGD NO. GAMC 944 FE (GUJ) AHMD. RNI NO:48890/1991 Printed and published by Hareshkumar k Bhagdev on behalf of M/s The Indian Express Private Limited and printed at Bhaskar Print Planet, Survey No. 148P, Changodar-Bavla Highway, Tal. Sanand, Dist. Ahmedabad and published at 3rd Floor, Sambhav House, Bodakdev, Ahmedabad-380 015. Phone (Board) : 26872481-82, Fax: 079-26872485. Chairman of the Board - Viveck Goenka, Editor - Shyamal Majumdar, Editor (Ahmedabad): Jyotsna Bhatnagar* (*Responsible for selection of news under the PRP Act) © Copyright: The Indian Express Private Limited. All rights reserved. Reproduction in any

યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, ભરૂચ-૩ શાખા (૧૬૧૩૧), વૃંદાવન પાર્ક સોસાયટી, ઝાડેશ્વર રોડ,ભરૂચ - ૩૯૨૦૧૫, ફોન : (૦૨૬૪૨) ૨૪૬૦૪૪, મેઇલ આઈડી : ubin0816132@unionbankofindia.bank.in

નિયમ ૮(૧) કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનારે **યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, ઝાડેશ્વર રોડ શાખા (૧૬૧૩૧)** ના અધિકૃત અધિકારી તરીકે સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (દ્વિતીય) એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ નો ૫૪) હેઠળ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને **તા. ૩૦.૦૧.૨૦૨૬ ના રોજ** માંગણા નોટીસ જારી કરીને **૧. શ્રી શેખ નૂરમહંમદ નવાબઅલી (દેવાદાર અને ગીરવેદાર) અને ૨. શ્રી ઇબ્રાહિમ રૂસ્તમઅલી શેખ (સહ-દેવાદાર)** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૧૩,૧૧,૪૦૦.૨૯ (રૂપિયા તેર લાખ અગિયાર હજાર ચારસો અને ઓગણત્રીસ પૈસા પુરા)** કથિત નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવ્યું હતું.

દેવાદાર રકમની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, અહીં દેવાદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે નિયમ ૮ સાથે વંચાતી કથિત કાયદાની કલમ ૧૩(૪) હેઠળ તેમને/તેણીને મળેલી સત્તાની રૂએ અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો **૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૨૬ ના રોજ** લઈ લીધો છે.

ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે કોઈપણ વ્યવહાર કરવો નહી અને મિલકત સાથે કરાયેલા કોઈપણ વ્યવહારનો ચાર્જ **યુનિયન બેંક ઓફ ઇન્ડિયાની** બાકી રકમ **રૂા.૧૩,૧૧,૪૦૦.૨૯ (રૂપિયા તેર લાખ અગિયાર હજાર ચારસો અને ઓગણત્રીસ પૈસા પુરા)** અને વ્યાજને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ તરફ આકર્ષિત કરવામાં આવે છે, જે દેવાદારને સુરક્ષિત સંપત્તિઓ પરત કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં છે.

સ્થાવર મિલકતનું વર્ણન

એનએ જમીનના તમામ પીસ અને પાર્સલ જેનો રેવન્યુ સર્વે નં. ૪૦/૮ પૈકી એનએ જમીન જે હબીબ પાર્ક તરીકે જાણીતી સ્કીમનો પ્લોટ નં. ૭૦નો પ્લોટ એરીયાનું ક્ષેત્રફળ ૧૪૦.૪૦ ચો.મી. અને જમીનના હિસ્સાનું ક્ષેત્રફળ ૭૪.૦૦ ચો.મી. જે મોજે ગામ - કંથારીયા, તાલુકો અને જિલ્લો ભરૂચ (ગુજરાત). જેની ચતુર્સીમા નીચે મુજબ છે. **ઉત્તરઃ** પ્લોટ નં. ૭૧, **દક્ષિણઃ** પ્લોટ નં. ૬૯, **પૂર્વઃ** પ્લોટ નં. ૫૩, **પશ્ચિમઃ** સોસાયટીનો આંતરીક રસ્તો.

તારીખ : ૦૬.૦૪.૨૦૨૬
સ્થળ : ભરૂચ

નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

અધિકૃત અધિકારી
યુનિયન બેંક ઓફ ઇન્ડિયા

CEAT LIMITED

CIN: L25100MH1958PLC011041
Regd. Office: 463, Dr. Annie Besant Road, Worli, Mumbai 400030
(T) +91 22 2493 0621 **(F)** +91 22 2493 8933;
Email: investors@ceat.com; **Website:** www.ceat.com

Public Notice – Special Window for Re-lodgement of Physical Share Transfer Requests

This is to inform the shareholders that, pursuant to SEBI's circular dated January 30, 2026 titled "Ease of Doing Investment – Special Window for Transfer and Dematerialisation of Physical Securities", a special window is open from February 05, 2026 to February 04, 2027 for re-lodgement of physical share transfer requests that were originally submitted on or before April 1, 2019 and were rejected, returned, or not processed due to deficiencies. The Window is available for instances permitted under the applicability defined in the aforesaid circular.

Only such previously lodged cases are eligible, and upon successful verification, the shares will be transferred only in dematerialized form. Shareholders are requested to submit the original share certificates, transfer deeds, KYC and other prescribed documents to the Company's Registrar and Share Transfer Agent i.e. NSDL Database Management Limited (RTA).

Further, also please note that the Investor Education and Protection Fund Authority (IEPFA) has relaunched the initiative under Second 100 days Campaign titled "Saksham Niveshak" effective from April 01, 2026, to July 09, 2026, facilitating the payment of unclaimed or unpaid dividends to the rightful shareholders after following the prescribed process.

For more details, please refer to the SEBI circular at www.sebi.gov.in or contact our RTA at NSDL Database Management Limited 4th Floor, Tower 3, One International Center, Senapati Bapat Marg, Prabhadevi, Mumbai - 400 013. Email: investor.ndmlrta@ndml.in , Contact: 022-24914 2578 / 2636.

For CEAT Limited

Place: Mumbai
Date: April 07, 2026

(Gaurav Tongia)
Company Secretary

RAM RATNA WIRES LIMITED

(CIN: L31300MH1992PLC067802)

Regd. Off.: Ram Ratna House, Victoria Mill Compound (Utopia City), Pandurang Budhkar Marg, Worli, Mumbai 400 013.
Tel: +91 - 22 - 6828 6000
Website: www.rrshramik.com • Email Id: investorrelations.rrwl@rrglobal.com

"Saksham Niveshak"- Second 100 Days Campaign

Notice is hereby given to all shareholders that the Company has launched the **Second 100-Day Campaign - "Saksham Niveshak"** from **April 01, 2026 to July 09, 2026**, with the objective of facilitating the direct credit of unpaid/unclaimed dividends to rightful shareholders and preventing transfer of such amounts and underlying shares to the Investor Education and Protection Fund Authority (IEPFA).

During this Campaign all the shareholders who have unpaid/unclaimed dividends or have not updated their KYC and nomination details or face any issues related to unclaimed dividends and shares may write to the Company's Registrar and Transfer Agent (RTA) i.e. Datamatics Business Solutions Limited at E-mail: investorsqry@datamaticsbpm.com, and Company's mail id at investorrelations.rrwl@rrglobal.com. The Shareholders may also visit the Company's website under 'Announcements' section at www.rrshramik.com for further details.

Reminder - Special Window for Transfer and Dematerialisation of Physical Securities

This is in continuation of our earlier newspaper notices published on February 13, 2026 pursuant to SEBI Circular dated January 30, 2026, we hereby reiterate that the special window for Transfer and Dematerialisation of Physical Securities will remain open upto February 04, 2027. This window is available for the transfer deeds lodged prior to the deadline April 01, 2019, which were rejected/returned/not attended due to the deficiency in the documents/process/or otherwise and for cases where original share transfer request(s) are not lodged prior to April 01, 2019 and the shareholder is holding original share certificate. Eligible shareholders may contact to the Company's Registrar and Share Transfer Agent ("RTA") i.e., Datamatics Business Solutions Limited at E-mail: investorsqry@datamaticsbpm.com.

For **Ram Ratna Wires Limited**
Sd/-
Saurabh Gupta
AGM - Company Secretary

Place : Mumbai
Date : April 07, 2026

ઋણ વસૂલી અધિકરણ - I

આર.સી. નં. ૪૪૮ ૨૦૧૮નો

નાણા મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ, ભારત સરકાર
ચોથો માળ, ભીખુભાઇ ચેમ્બર્સ, કોચરબ આશ્રમ પાસે, એલિસબ્રિજ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોર્મ નં. ૨૨ (પહેલા દર) (રિગ્યુલેશન ૩૭ (૧) ડીઆરટી રેગ્યુલેશન ૨૦૧૫) (આવકવેરા ધારો ૧૯૬૧ ના બીજા પરિશિષ્ટનો જુઓ નિયમ ૫૨ (૧))
રજી. એડી/દસ્તી/એફીક્સેશન/બીટ ઓફ ડ્રમ દ્વારા ઈ હરાજી/વેચાણ નોટિસ
બેંક અને નાણાકીય સંસ્થાઓના બાકી દેવાની વસૂલાતના અધિનિયમ ૧૯૯૩ સાથે વંચાતા આવકવેરા ધારા ૧૯૬૧ના બીજા પરિશિષ્ટના નિયમ ૩૮, ૫૨(૨) હેઠળ વેચાણની જાહેરાત

આર.સી. નં. ૪૪૮/૨૦૧૮ ઓ.એ. નં. ૫૬૭/૨૦૧૪

સર્ટિફિકેટ હોલ્ડર : બેંક ઓફ મહારાષ્ટ્ર, ભદ્ર, અમદાવાદ

વિરુદ્ધ

સર્ટિફિકેટ દેવાદાર: હિર ટ્રેડલિંક પ્રા. લિ. અને અન્ય

પ્રતિ,

સી.ડી. નં. ૧ : હિર ટ્રેડલિંક પ્રા. લિ., ઈ/૪૦૪, ઉત્સવ એલિગન્સ, ભુયંગદેવ ફ્લોસ રોડ નજીક, સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧ અને પ્લોટ નં. ૪૮/૪૯/૫૦, જીતન ઉદ્યોગનગર, જીતન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧

સી.ડી. નં. ૨ : શ્રી પંકજ ચંદુલાલ શાહ, ઈ/૪૦૪, ઉત્સવ એલિગન્સ, ભુયંગદેવ ફ્લોસ રોડ નજીક, સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧ અને પ્લોટ નં. ૪૮/૪૯/૫૦, જીતન ઉદ્યોગનગર, જીતન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧

સી.ડી. નં. ૩ : શ્રી ભૌમિક પંકજભાઈ શાહ, ઈ/૪૦૪, ઉત્સવ એલિગન્સ, ભુયંગદેવ ફ્લોસ રોડ નજીક, સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧ અને પ્લોટ નં. ૪૮/૪૯/૫૦, જીતન ઉદ્યોગનગર, જીતન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧

સી.ડી. નં. ૪ : રૂપા પંકજભાઈ શાહ, ઈ/૪૦૪, ઉત્સવ એલિગન્સ, ભુયંગદેવ ફ્લોસ રોડ નજીક, સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧ અને પ્લોટ નં. ૪૮/૪૯/૫૦, જીતન ઉદ્યોગનગર, જીતન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧

સી.ડી. નં. ૫ : શ્રીમતી ભાનુમતી ચંદુલાલ શાહ, ઈ/૪૦૪, ઉત્સવ એલિગન્સ, ભુયંગદેવ ફ્લોસ રોડ નજીક, સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧ અને પ્લોટ નં. ૪૮/૪૯/૫૦, જીતન ઉદ્યોગનગર, જીતન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧

નીચે જણાવેલ મિલકત, માનનીય પ્રિસાઈડીંગ અધિકારી ડીઆરટી-1 દ્વારા અપાયેલ રીકવરી સર્ટીહીકેટ મુજબ ચૂકવવા પાત્ર **રૂા. ૧૦,૮૮,૬૦,૦૯૬-૦૦ (અંકે રૂપિયા દસ કરોડ ઠ્યાસી લાખ સાઠ હજાર છન્નુ પુરા)** વત્તા વ્યાજ અને કોસ્ટ (બાદ વસૂલાત પ્રક્રિયા દરમ્યાન કરાયેલ રકમની વસૂલાત, જો હોય તો) **-ની હિર ટ્રેડલિંક પ્રા. લિ.** અને અન્ય પાસેથી વસૂલાત માટે **તા. ૨૦ મે, ૨૦૨૬** રોજ જાહેર ઈ-કરાજી દ્વારા વેચવામાં આવશે.

મિલકતનું વર્ણન

ઘણા બધા લોટ	રાહ દેવાદારના નામ સાથે વેચાનાર મિલકતનું વર્ણન કે જયા મિલકત સહ દેવાદાર તરીકે કોઈ અન્ય વ્યક્તિ તથા કસુરદારની હોય	મિલકત પર આકારેલ રેવન્યુ અથવા તેનો કોઈ ભાગ	કોઈ અન્ય દેવાની વિગતો કે જે માટે મિલકત જવાબદાર છે	મૂલ્યાંકન, સર્ટીફીકેટ દેવાદાર દ્વારા અપાયેલ મૂલ્યાંકન પણ દર્શાવી જો કોઈ હોય તો	દાવા જો કોઈ હોય તો કે જે મિલકત માટે કરાયા હોય અને તેનો પ્રકાર અને મુલ્યની અન્ય જાણમાં હોય તેવી વિગતો	રિઝર્વ કિંમત કે જેની નીચે મિલકત વેચવામાં આવશે નહીં	ઈએમડી રિઝર્વ કિંમતના ૧૦% અથવા રાઉન્ડેડ ઓફ
1.	2.	3.	4.	5.	6.	7.	8.
લોટ નં.						રિઝર્વ કિંમત (રૂા. માં)	૧૦% ઈએમડી (રૂા. માં)
1.	**રજીસ્ટ્રેશન જીલ્લા સુરેન્દ્રનગરમાં તાલુકા વઢવાણના મોજે સુરેન્દ્રનગર વોર્ડન ૧૫૨ ના સિટી સર્વે નં. ૪૭૪૯/૧૪ ના જુના રેવેન્યુ સર્વે નં. ૧૭૭૭/૧/૨/૩ પૈકી ધરાવતી જમીનના પીસ અથવા પાર્સલ ઉપર આવેલ નુતનનગર કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિમિટેડમાં તેની પર સ્થિત બાંધકામ સહિત ૩૨૧ ચો.મી. (લોટ વિસ્તાર) માપના તે તમામ બંગલો નં.૧૪. ચતુઃસીમા પૂર્વે અથવા એ તરફઃ રોડ, પશ્ચિમે અથવા એ તરફઃ બ્લોક નં. ૧૮, ઉત્તરે અથવા એ તરફઃ બ્લોક નં. ૧૩, દક્ષિણે અથવા એ તરફઃ રોડ**	જાણમાં નથી	જાણમાં નથી	ના	જાણમાં નથી	૩૦,૨૦,૦૦૦/-	૩,૦૨,૦૦૦/-
2.	**રજીસ્ટ્રેશન જીલ્લા સુરેન્દ્રનગરમાં તાલુકા વઢવાણ, મોજે દૂધરેજના સર્વે નં. ૫૯૧ પૈકી ધરાવતી જમીનના પીસ અથવા પાર્સલ ઉપર આવેલ ૩૭૬.૨૪ ચો.મી માપના તે તમામ પ્લોટ નં. ૮ અને ૯. ચતુઃસીમાઃ પૂર્વે અથવા એ તરફઃ રોડ, પશ્ચિમે અથવા એ તરફઃ પ્લોટ નં. ૯/પૈકી, ઉત્તરે અથવા એ તરફઃ ૨૦ ફીટનો રોડ, દક્ષિણે અથવા એ તરફઃ નિતીન ચંદ્રકાન્ત શેઠની જમીન**	જાણમાં નથી	જાણમાં નથી	ના	જાણમાં નથી	૩૫,૬૧,૦૦૦/-	૩,૫૬,૧૦૦/-

૧. ઓકશન/બીડીંગ ઈ-ઓકશન વેબસાઈટ એટલે કે **https://baanknet.in** દ્વારા ઓનલાઈન ઈલેક્ટ્રોનીક પદ્ધતિ દ્વારા જ યોજાશે.
૨. ઈચ્છુક બીડર્સે અગાઉથી સર્વિસ પ્રોવાઈડર સાથે ભાગીદારી નોંધાવવાની રહેશે અને ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવાનો રહેશે તેને માટે નીચે જણાવેલ પદ્ધતિમાં જરૂરી અર્નેસ્ટ મની ભરાયેલ હોવા જોઈએ.
૩. ઈએમડી **૧૮.૦૫.૨૦૨૬ ના રોજ સાંજે ૦૪:૦૦ વાગ્યા** સુધી વોલેટ બેંક એસેટ ઓકશન નેટવર્ક **(BAANKNET) https:/baanknet.in** માં જમા કરાવવાનું રહેશે. ત્યારબાદ જમા કરાયેલ ઈએમડી ને ઈ-હરાજીમાં ભાગ લેવા માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
૪. ઉપર જણાવ્યા ઉપરાંત પાનકાર્ડની નકલ, પુરાવા માટેનું સરનામું અને ઓળખનો પુરાવો, ઈ-મેઈલ આઈડી, મોબાઈલ નંબર, કંપનીના ડિસ્સામાં બોર્ડ ઓફ ધી ડાયરેક્ટર્સ ઓફ ધી કંપની દ્વારા પસાર કરાયેલ બોર્ડના ઠરાવની નકલ અથવા કંપનીનું રીપ્રેઝન્ટેશન/એટર્ની ની ખાતરી માટે કોઈ અન્ય દસ્તાવેજ તથા આવી ડિપોઝીટની પહોંચ/કાઉન્ટર ફાઈલ ઉપરોક્ત સર્વિસ પ્રોવાઈડરને સોફ્ટ કોપીઝ અપલોડીંગ કરીને ઈ-ઓકશન વેબસાઈટ મારફતે **૧૮.૦૫.૨૦૨૬**ના રોજ કે તે પહેલા મોકલવાની રહેશે તથા ઈએમડી ડીપોઝીટની પહોંચ સહીતની **હાર્ડ કોપીઝ ૧૮.૦૫.૨૦૨૬** સુધીમાં **વસુલી અધિકારી-૧, ડીઆરટી-૧, અમદાવાદની કચેરી ખાતે** મોકલવાની રહેશે. એ પણ જાણ કરવામાં આવે છે કે અસફળ બીડર્સની અર્નેસ્ટ મનીની ચુકવણીની એજ પદ્ધતિ દ્વારા આવા બીડર્સના સંબંધિત ખાતામાં પરત આપવામાં આવશે.
૫. પ્રસ્તાવિત બીડરે સર્વિસ પ્રોવાઈડર પાસેથી ઓનલાઈન ટ્રેનિંગ મેળવવાની રહેશે.

ઓકશન એજન્સીનું નામ	**બેંક એસેટ ઓકશન નેટવર્ક (BAANKNET)**
સંપર્ક વ્યક્તિ	**શ્રી કશ્યપ પટેલ (મોબાઈલ નં. 9327493060)**
હેલ્પલાઈન નંબર	**8291220220**
હેલ્પલાઈન ઈમેઈલ એડ્રેસ	**Support.BAAKNET@psballiance.com**
બેંક ઓફિસર	**શ્રી આશુતોષ રાજન, મોબાઈલ નંબર 8989080944, 6357374043, ઈમેલ આઈડી cmarh-ahe@mahabank.co.in/bom1936@mahabank.co.in**

૬. ઇચ્છુક બીડરોને તેમના બીડ્ઝ મોકલતા પહેલા વેચાણની પ્રક્રિયા અને વિગતવાર નિયમો અને શરતતો માટે વેબસાઈટ **https://baanknet.in** ની મુલાકાત લેવા સલાહ આપવામાં આવે છે
૭. રિઝર્વ કિંમતથી નીચે મિલકત વેચવામાં આવશે નહીં
૮. મિલકતો ઉપર જણાવેલ લોટ મુજબ રિઝર્વ કિંમત સહિત ૦૨ લોટમાં વેચવામાં આવશે.
૯. બીડર સમગ્ર હરાજી સમય દરમ્યાન લોટ નં. ૧ માટે રૂા. ૨૫,૦૦૦/- અને લોટ નં. ૨ માટે રૂા. ૧૦,૦૦૦/- ના ગુણાંકમાં ઓફર સુધારી શકશે.
૧૦. મિલકત **જેમ છે જ્યાં છે** ના ધોરણે વેચવામાં આવશે અને ઈ-ઓકશન એજન્સીની અધિકૃત વેબસાઈટ પર પ્રકાશીત અન્ય નિયમો અને શરતોને આધીન રહેશે.
૧૧. સૌથી વધુ બોલી લગાવનાર વ્યક્તિએ વોલેટ બેંક એસેટ ઓકશન નેટવર્ક **(BAANKNET) https://baanknet in** માં પહેલાથી ચૂકવેલા ઈએમડી ના સમાયોજન પછી તેની અંતિમ બોલી રકમના ૨૫% રકમ આગામી બેંક કાર્યકારી દિવસે સાંજે ૪:૦૦ વાગ્યા સુધીમાં RTGS/NEFT દ્વારા નીચે મુજબની વિગતો મુજબ જમા કરાવવાની રહેશે.

લાભાર્થી બેંકનું નામ	**બેંક ઓફ મહારાષ્ટ્ર**
લાભાર્થીનું નામ	**સરફેસી અને ડીઆરટી એક્ટ હેઠળ અધિકૃત અધિકારી**
લાભાર્થી ખાતા નંબર	**60348161807**
IFSC કોડ નંબર	**MAHB0000213**
શાખા સરનામું	**ભદ્ર શાખા**

૧૨. સફળ બીડરે/ઓકશન ખરીદદારે મિલકતના વેચાણની તારીખ થી ૧૫મા દિવસે કે તે પહેલા આખરી વેચાણની રકમના ૭૫% બાકી રકમ ડીપોઝીટ કરવાની રહેશે, જો ૧૫મા દિવસે રવિવાર હોય અથવા કોઈપણ રજા હોય તો ત્યાર પછીના પ્રથમ બેંકના કામકાજના દિવસે તાત્કાલિક ઉપર જણાવ્યા મુજબના ખાતામાં આરટીજીએસ/એનઈએફટી દ્વારા ભરવાની રહેશે, ઉપર જણાવ્યા ઉપરાંત ખરીદદારે વેચાણ કિંમતની કુલ કિંમતના ૧% લેખે (વત્તા રૂા. ૧૦) પાઉન્ડેજ ફી રજિસ્ટ્રાર ડીઆરટી અમદાવાદની તરફેણમાં ડીડી મારફતે ડીપોઝીટ કરવાની રહેશે, પાઉન્ડેજ ફી માટેનો તૈયાર કરાયેલ ડીડી સીધો જ વસૂલી અધિકારી, ડીઆરટી-I અમદાવાદની કચેરીને મોકલવાની રહેશે.
૧૩. નિયત સમયમાં ચૂકવણીમાં કસૂર થયેથી વેચાણના ખર્ચાઓ કર્યા બાદ જો નીચે સહી કરનારને યોગ્ય લાગે તો સરકારી ખાતામાં જમ કરાશે અને કસૂરવાર ખરીદદારને ડીપોઝીટ કરાયેલ રકમ અથવા મિલકત પર કોઈ હક દાવો રહેશે નહીં. વેચાણની નવી જાહેરાત કર્યા બાદ મિલકત ફરીથી વેચવામાં આવશે. વધુમાં ખરીદદાર તેના ફાઈનલ બીડની રકમ વચ્ચેનો તફાવત અથવા કોઈપણ બાકી રકમ માટે જવાબદાર રહેશે અને કિંમત કે જે માટે તે વેચવામાં આવી હોય.
૧૪. હરાજીનું પરિશિષ્ટ નીચે મુજબ છે :

નિરીક્ષણની તારીખ અને સમય	**૦૪.૦૫.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી ૪.૦૦ વાગ્યા સુધી**
ઇએમડી/દસ્તાવેજોના પુરાવા અપલોડ કરવાની તારીખ	**૧૮.૦૫.૨૦૨૬ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી**
વસુલાત અધિકારીની ઓફીસે ઇએમડીના પુરાવા/દસ્તાવેજોની હાર્ડકોપી જમા કરવાની છેલ્લી તારીખ	**૧૮.૦૫.૨૦૨૬ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી**
ઈ-હરાજીની તારીખ અને સમયઃ	**૨૦.૦૫.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી (૫ મિનિટના ઓટો એક્સટેન્શન ક્લોઝ સાથે, વેચાણ બપોરે ૩.૦૦ વાગ્યા સુધીમાં પૂર્ણ થઇ જશે)**

૧૫. વસૂલી અધિકારીને કોઈપણ કારણો દર્શાવ્યા વિના ઈ-હરાજી રદ કરવાની અથવા તો મુલતવી રાખવાનો અથવા કોઈપણ બીડ અથવા બીડ્ઝ સ્વીકારવા કે નકારવાનો અબાધીત અધિકાર છે.

તા. ૨૪ માર્ચ, ૨૦૨૬ના રોજ આ ટ્રિબ્યુનલના સિક્કા અને મારી સહી હેઠળ આપવામાં આપ્યું

Seal

નોંધઃ વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

સહી/- (લવ કુમાર)
આઇ/સી વસૂલી અધિકારી-II, ડીઆરટી-I, અમદાવાદ

બેંક ઓફ બરોડા, ડ્રાઇવ ઇન રોડ શાખા, અમદાવાદ
૧૫, સુમંગલમ સોસાયટી, ડ્રાઇવ ઇન રોડ, અમદાવાદ
ઈ-મેઇલ : dbdriv@bgnkofbaroda, co. in
મોબાઇલ નં. 7486032623

સ્થાવર મિલકતોના વેચાણ માટે નોટીસ

પરિશિષ્ટ- ૪-એ- (જુઓ નિયમ ૮(૬) ની જોગવાઇઓ)

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬)ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટીસ.

આથી ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો મોર્ગેજ/પ્લેઝ્ડ/ચાર્જ્ડ સિક્યોર્ડ લેણદારને બેંક ઓફ બરોડા, સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ **કબજો** લઇ લીધો છે, જેનું વેચાણ નીચે જણાવેલ એકાઉન્ટ/ટોની વસુલાત માટે **"જ્યાં છે", "જે છે", "જેમ છે" ના ધોરણે** કરવામાં આવશે. દેવાદાર/રો/જામીનદાર/રો/ સિક્યોર્ડ મિલકત/તો/બાકી રકમ/ રીઝર્વ કિંમત/ઇ-હરાજીની તારીખ અને સમય, ઇએમડી અને બીડવૃદ્ધિની રકમ નીચે જણાવેલ છે:

ક્રમ નં.	દેવાદાર/રો/જામીનદાર/રો/ ગીરવેદાર/રોનું નામ અને શાખા અને નં.	જાણમાં હોય તેવા બોજા, જો કોઇ હોય તો સ્થાવર મિલકતોની વિગતનું ટૂંકમાં વર્ણન	બાકી લેણાં	રીઝર્વ કિંમત, ઇએમડી અને બીડ વૃદ્ધિની રકમ
માર્ચ ૨૦૨૬ સુધીમાં કંપની પાસે આશરે ૬૦૦થી ૭૦૦ મિલિયન ડોલરની રોકડ હતી, જ્યારે ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં બ્લિંકિટ અને સ્વિગી પાસે અનુક્રમે ૧.૯ બિલિયન ડોલર અને ૧.૭ બિલિયનની રોકડ ઉપલબ્ધ હતી.

છેલ્લા છ મહિનામાં સ્વિગી અને ઈટર્નલ બંનેના શેરના બાવમાં ૩૦થી ૩૫ ટકાનો ઘટાડો થયો છે, જેના કારણે આ સેગમેન્ટમાં વોલ્યૂએશન મલ્ટિપલ્સ પર વધારાનું દબાણ આવ્યું છે. વિશ્લેષકોનું અનુમાન છે કે, ઝેપ્ટોએ તેના છેલ્લા ૭ બિલિયન ડોલરના પ્રાઈવેટ વેલ્યૂએશનમાં મોટો ઘટાડો સ્વીકારવો પડી શકે છે.

રૂપિયો યુએસ ડોલર વિરુદ્ધ ૧૦ પૈસા ઘટીને ૯૩.૦૦ પર બંધ રહ્યો

આજે આરબીઆઇની ૬ સભ્યોની બનેલી એમપીસી તેની નાણાકીય નીતિની સમીક્ષાના પરિણામની જાહેરાત કરશે.

પીટીઆઇ
મુંબઇ, તા. ૭



રૂપિયો અમેરિકન ગ્રીનબેક સામે મંગળવારે દસ પૈસા ઘસાઇને ૯૩.૦૦(પ્રોવિઝનલ) બંધ રહ્યો હતો, કારણ કે રોકાણકારોમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ડેડલાઇન પહેલા સાવચેતીનું વલણ રહ્યું હતું, અને રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમીક્ષાના પરિણામની પ્રતિક્ષા કરવામાં આવી રહી છે.

ફોરેક્સ ટ્રેડર્સે જણાવ્યું હતું કે યુએસડી-આઇએનઆર પેરમાં દબાણ હેઠળ વેપાર થઇ રહ્યા છે, કેમ કે વિદેશી મૂડી અવિરતપણે પાછી ખેંચવામાં આવી રહી છે, ડોલર મજબૂત રહ્યો છે અને ક્રુડ ઓઇલના ઊંચા ભાવ વોલેટાઇલ ભૂ-રાજકીય પરિસ્થિતિ વચ્ચે રહ્યા છે.

વધુમાં, બજાર હિસ્સેદારો ભૂ-રાજકીય હેડલાઇન્સ અને આરબીઆઇના નાણાકીય નીતિના આગામી નિર્ણય બાબતે સાવધ રહ્યા છે.

ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટ ખાતે, રૂપીમાં ડોલર સામે ૯૩.૦૫ ભાવે કામકાજ શરૂ થયા હતા, બાદમાં ગ્રાઉન્ડ ગૂમાવ્યું હતું અને ૯૩.૦૭ ભાવે વેપાર થઇ રહ્યા હતા, જે અગાઉના બંધ કરતા ૧૭ પૈસાનો ઘટાડો દર્શાવતા હતા. દિવસ દરમિયાન, રૂપી ૯૨.૮૬ની ઇન્ટ્રા-ડે ઊંચાઇને પણ સ્પર્શ્યો હતો.

મંગળવારના ટ્રેડિંગ સેશનના અંતે, રૂપિયો ૯૩.૦૦(પ્રોવિઝનલ) ક્વોટ થતો હતો, જે અગાઉના બંધની સરખામણીએ દસ પૈસાનો મૂલ્યઘટાડો દર્શાવતો હતો. સોમવારે, રૂપિયો ૨૮ પૈસાના લાભ સાથે યુએસ ડોલર સામે ૯૨.૯૦ બંધ રહ્યો હતો, કારણ કે રિઝર્વ બેંકે સટ્ટારૂપી પ્રવૃત્તિ અને ભારતીય કરન્સીમાં વોલેટાલિટીને અટકાવવાના વધારે પગલા લીધા હતા.

આરબીઆઇએ સટ્ટારૂપી પોઝિશન્સને અંકુશમાં રાખવાના તેના નિયમોને કડક બનાવ્યા હતા અને બેંકોની નેટ ઓપન પોઝિશન્સ પર ૧૦૦ મિલિયન યુએસ ડોલરની મર્યાદા લાદી હતી.

દરમિયાન, આરબીઆઇની ૬ સભ્યોની બનેલી મોનેટરી પોલિસી કમિટી (એમપીસી) કે જેના વડા રિઝર્વ બેંકની ગવર્નર સંજય મલ્હોત્રા છે તે નાણાકીય નીતિ સમીક્ષાના પરિણામની બુધવારે જાહેરાત કરશે.

ડોલર ઇન્ડેક્સ ૦.૧૫ ટકા ઘટીને ૯૯.૮૩ રહ્યો હતો.

વૈશ્વિક ઓઇલ બેંચમાર્ક-બ્રેન્ટ ક્રુડના ભાવ ફ્યુચર્સ ટ્રેડમાં ૧.૯૭ ટકા તૂટીને ભાવ ૧૦૭.૬૧ યુએસ ડોલર રહ્યા હતા.

ક્રૂડ ઓઈલનો વાયદો ત્રણ ટકા વધીને રૂપિયા ૧૦,૮૮૮ પ્રતિ બેરલની ઐતિહાસિક ટોચે પહોંચ્યો

પીટીઆઇ
નવી દિલ્હી,તા. ૭



પશ્ચિમ એશિયામાં યુદ્ધના કારણે ક્રૂડના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના પગલે મંગળવારે સ્થાનિક બજારમાં ક્રૂડ ઓઈલ વાયદો ૩ ટકા વધી રૂ. ૧૦,૮૮૮ પ્રતિ બેરલની રેકોર્ડ ટોચે પહોંચ્યો હતો.

અમેરિકા અને ઈરાન વચ્ચે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવાની ડેડલાઈન પૂરી થતાં તણાવ વધ્યો છે. જેના લીધે ક્રૂડના ભાવ આસમાને પહોંચ્યા છે.

એમસીએક્સ ખાતે ક્રૂડ ઓઈલનો એપ્રિલ વાયદો રૂ. ૩૦૦ (૨.૮૩ ટકા) વધી રૂ. ૧૦,૮૮૮ પ્રતિ બેરલની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો હતો. મે વાયદો પણ રૂ. ૧૭૦ (૧.૮૨ ટકા) ઉછળી રૂ. ૯૪૮૫ પ્રતિ બેરલની નવી ઐતિહાસિક ટોચે નોંધાયો હતો.

ચોઈસ બ્રોકિંગના કોમોડિટી એનાલિસ્ટ કાવેરી મોરેએ જણાવ્યું હતું કે, જિયો-પોલિટિકલ તણાવના કારણે ક્રૂડના ભાવ ઊંચા રહેવાના છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાન માટેની ડેડલાઈન પૂરી થતાં તેમણે યુદ્ધ ભયાવહ સ્થિતિમાં આગળ વધવાની ધમકી આપી છે. જેનાથી ઉર્જા કટોકટીમાં વધવાની શક્યતામાં વધારો થયો છે.ટ્રમ્પની ઈરાનના વિવિધ ઠેકાણે, એનર્જી યુનિટ્સ પર હુમલો કરવાની ધમકીએ બંને દેશો વચ્ચે સીઝફાયરની સંભાવના પર પાણી ફેરવ્યું છે. ગલ્ફ દેશોમાં ક્રૂડ અને ગેસના સપ્લાયમાં વ્યાપક વિક્ષેપો દેખાઈ રહ્યા છે. જે ક્રૂડના ભાવમાં મોટાપાયે ઉછાળાની પ્રબળ શક્યતા દર્શાવે છે.મોરેએ આગળ કહ્યું કે, હોર્મુઝ રૂટ ઓઈલ પ્રવાહ માટે એક મહત્ત્વપૂર્ણ કોરિડોર છે.

કલ્યાણ જ્વેલર્સની આવક ચોથા ત્રિમાસિક ગાળામાં ૬૪ ટકા વધી

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૭

મજબૂત લગ્ન અને વિવેકાધીન જ્વેલરીની ખરીદીને પગલે કલ્યાણ જ્વેલર્સ ઇન્ડિયા લિમિટેડની સંકલિત આવક નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ચોથા ત્રિમાસિક ગાળામાં ૬૪ ટકા ઉછળી હતી સમાન સમયે સોનાના ભાવ અસ્થિર રહ્યા હતા.

જ્વેલરી રિટેલરે પાછલા વર્ષના સમાન સમય ગાળામાં રૂ ૧.૬,૨૨૨.૩૫ કરોડની આવક નોંધાવી હતી, તેમ કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

કંપનીની સંકલિત આવક સંપુર્ણ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬માં પાછલા વર્ષથી ૪૨ ટકા વધી હતી, જ્યારે કંપનીએ રૂ ૧.૨૫,૧૮૯.૬૬ કરોડની વાર્ષિક આવક નોંધાવી હતી.

ભારતીય કામગીરી, જેણે બલ્ક વૃદ્ધિ ધરાવી હતી.

એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૧૫૧ અને ચાંદીમાં રૂ.૧,૬૨૩ની નરમાઇ

કોમોડિટી બ્યૂરો
મુંબઇ, તા. ૭

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તલ્લા ઇન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૨૮૮૭૧.૧૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૧૭૬.૦૮ કરોડનાં કામકાજ લ્યાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૯૯૬૯૪.૪૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૫૭૯૨ પોઇન્ટના સ્તરે ટ્રેડ લ્યઈ રહ્યો હતો. કોમોડિટીઓપ્શન્સમાંકુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૨૫૪.૧૨ કરોડનું લ્યું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૮૬૪.૬૬ કરોડનાં કામકાજ લ્યાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૯૭૫૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૦૮૬૦ અને નીચામાં રૂ.૧૪૯૨૦૧ના મલ્લાળે અલ્લડાઈ, રૂ.૧૪૯૯૮૧ના આગલા બંધ સામે રૂ.૧૫૧ ઘટી રૂ.૧૪૯૮૩૦ લ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૫૮ વધી રૂ.૧૧૯૭૫૫ લ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૩ વધી રૂ.૧૪૯૯૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિનીમે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩ ઘટી રૂ.૧૪૮૩૪૧ના ભાવે ટ્રેડ લ્યઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૮૮૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૯૬૯૯ અને નીચામાં રૂ.૧૪૮૧૨૭ના મલ્લાળે અલ્લડાઈ, રૂ.૧૪૮૮૫૪ના આગલા બંધ સામે રૂ.૧૦૨ ઘટી રૂ.૧૪૮૭૫૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૩૨૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૫૫૪૭ અને નીચામાં રૂ.૨૩૦૯૭૦ના મલ્લાળે અલ્લડાઈ, રૂ.૨૩૩૩૭૯ના આગલા બંધ સામે રૂ.૧૬૨૩ ઘટી રૂ.૨૩૧૭૫૬ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૪૬૮ ઘટી રૂ.૨૩૪૬૩૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઇક્રો એપ્રિલ વાયદો રૂ.૧૩૫૨ ઘટી રૂ.૨૩૪૮૩૦ના ભાવે ટ્રેડ લ્યઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૯૪૪.૧૯ કરોડનાં કામકાજ લ્યાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૨.૭૫ વધી



રૂ.૧૧૬૪.૨૫ લ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૫.૭ વધી રૂ.૩૩૦.૧૫ના ભાવે ટ્રેડ લ્યઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૪.૬ વધી રૂ.૩૫૭ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૭૫ પૈસા ઘટી રૂ.૧૯૫.૫ લ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૯૩૧૧.૬૮ કરોડનાં કામકાજ લ્યાં હતાં.

એમસીએક્સ ઇલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૬૨૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૭૮૪ અને નીચામાં રૂ.૪૫૭૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૮ ઘટી રૂ.૪૬૭૨ના ભાવે ટ્રેડ લ્યઈ રહ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૧૦૭૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૮૮૮ અને નીચામાં રૂ.૧૦૩૮૬ના મલ્લાળે અલ્લડાઈ, રૂ.૧૦૫૮૮ના આગલા બંધ સામે રૂ.૧૪૨ વધી રૂ.૧૦૭૩૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૪૫ વધી રૂ.૧૦૭૩૦ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૫ વધી રૂ.૨૬૮.૩ લ્યો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૨.૫ વધી રૂ.૨૬૮.૩ના ભાવે ટ્રેડ લ્યઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૦૫૦.૮ના ભાવે ખૂલી, રૂ.૧.૩ વધી રૂ.૧૦૫૨ લ્યો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૮૨૦ના ઉછાળા સાલ્યે રૂ.૨૮૯૯૦ લ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૫૮૫ના ભાવે ખૂલી, રૂ.૩૧ વધી રૂ.૨૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૨૦૫૪.૮૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૮૦૯.૮૧ કરોડનાં કામકાજ લ્યાં હતાં.

તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૦૦૦.૮૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૨૦.૩૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯.૯૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૭૬.૧૪ કરોડનાં કામકાજ લ્યાં હતાં.

ઇલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૯.૮૪ કરોડનાં કામકાજ લ્યાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૪૧૯.૧૪ કરોડનાં કામકાજ લ્યાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૮૫૨.૭૦ કરોડનાં કામ લ્યાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૫૩ કરોડનાં કામ લ્યાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૧.૦૦ કરોડનાં કામ લ્યાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૬ કરોડનાં કામ લ્યાં હતાં.

ઓપન ઇન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૧૦૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૭૦૮૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૩૭૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૮૧૯૩૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૩૪૩૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૧૩૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૦૧૫૮ લોટ અને ચાંદી-માઇક્રો વાયદાઓમાં ૭૮૯૪૫ લોટના સ્તરે રહ્યો હતો. ઇલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૫૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૨૬૫૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૨૪૪૨ લોટના સ્તરે રહ્યો હતો.

વિદેશ સચિવ મિસરી દ્વિપક્ષીય વેપાર, અન્ય મુદ્દા પર ચર્ચા કરવા માટે આજે વોશિંગ્ટન જશે

પીટીઆઈ
નવી દિલ્હી, તા.૭

વિદેશ સચિવ વિક્રમ મિસરી અમેરિકા સાથે દ્વિપક્ષીય વેપાર અને સંરક્ષણ જોડાણ તથા અખાતી દેશોમાં ચાલી રહેલી કટોકટી સમીક્ષા કરવા માટે બુધવારે ત્રણ દિવસના વોશિંગ્ટનના પ્રવાસ માટે રવાના થશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, મિસરીના ૮થી ૧૦ એપ્રિલ દરમિયાન પ્રવાસમાં ભારત-અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવા તકોની સમીક્ષા કરવા અને મુખ્ય વિસ્તારોમાં ચાલી રહેલા સહયોગ પર પણ ચર્ચા કરવામાં આવશે. આ પ્રવાસે એવા સમયે છે જ્યારે બંને દેશો અનિશ્ચિતતાથી સ્થિરતા માટે કામગીરી કરી રહ્યા છે. વોશિંગ્ટને ભારત પર દંડાત્મક ટેરિફ લાદયા બાદ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગત મે મહિનામાં ભારત-પાકિસ્તાન લશ્કરી અથડામણોને ઓછી કરવામાં તેમની ભૂમિકા અંગે વિવાદસ્પદ નિવેદનો આપ્યા બાદ સંબંધોમાં અંતર આવ્યા હતાં. એવું જાણવા મળ્યું છે કે બંને પક્ષો મિસરીની યાત્રા દરમિયાન પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર આગળ વધવા માચે ચર્ચા કરે તેવી શક્યતા છે. આ મુલાકાત ભારત-અમેરિકા દ્વિપક્ષીય સંબંધોના સંપૂર્ણ સ્પેક્ટ્રમની સમીક્ષા કરવાની અને મુખ્ય ક્ષેત્રોમાં ચાલુ સહયોગને આગળ વધારવાની તક પૂરી પાડશે, તેમ કંપનીએ તેના એક નિવેદનમાં જણાવ્યું હતું.

એમઈએએ જણાવ્યું હતું કે, વિદેશ સચિવ વરિષ્ઠ અધિકારીઓ સાથે ચર્ચા કરી રહ્યા છે, જેમાં વેપાર, સંરક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ પ્રાદેશિક તથા વૈશ્વિક વિકાસ માટે બંનેના રસના મુદ્દાઓનો સમાવેશ થાય છે. વિદેશી પ્રધાને ફેબ્રુઆરીમાં વૌશિંગ્ટનની મુલાકાત લીધી હતી અને તેમાં બંને સ્તરે નિયમિત ઉચ્ચ સ્તરીય ચર્ચા કરવામાં આવી હતી, તેમ તેમણે જણાવ્યું હતું.

૧૦ એપ્રિલથી નેશનલ હાઈવે પરના ટોલ પ્લાઝા પર કોઇ રોકડ સ્વીકારવામાં આવશે નહીં

પીટીઆઈ
નવી દિલ્હી, તા.૭

માર્ગ અને પરિવહન મંત્રાલયે જણાવ્યું હતું કે, ૧૦ એપ્રિલ નેશનલ હાઈવે પરથી મુસાફરી કરતા મુસાફરો પાસેથી રોકડમાં ચૂકવણી સ્વિકારવામાં આવશે નહિં.

મંત્રાલયે ગેઝેટ નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે, જ્યાં કોઈપણ વાહન માન્ય ફાસ્ટગેટ વિના ફી પ્લાઝામાં પ્રવેશ કરે છે, ત્યાં પણ વપરાશકર્તાઓ યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ દ્વારા ચૂકવણી કરી શકે છે, પરંતુ લાગુ ટોલ ફી કરતા ૧.૨૫ ગણા વધુ ચાર્જ વસૂલ કરાશે. એનએચએઆઈના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આ પગલાનો ઉદ્દેશ્ય ટોલ ગેટ્સ પર લાંબા લાઈનોમાં ઘટાડો કરવાનો અને હાઈવ પરની મુસાફરો વધુ સુલભ બનાવવાનો છે. અધિકારીએ જણાવ્યું હતું કે, ૧૦ એપ્રિલથી ટોલ બુથ પર રોકડમાં ચૂકવણી સ્વિકારવામાં આવશે નહિં અને ફાસ્ટગેટ ટોલ ક્લેક્શન માટે પ્રાથમિક માધ્યમ રહેશે, જ્યારે યુપીઆઈ પર પણ ચૂકવણી કરવાનો વિકલ્પ રહેશે પરંતુ માન્ય ફાસ્ટેગ વગરના વાહનો પાસેથી વધારા ચાર્જ વસૂલવામાં આવશે. જો કોઈ વાહનનો ઉપયોગકર્તા ફાસ્ટગેટ અથવા માન્ય કાર્યાત્મ ફાસ્ટગેટ વિના ફી પ્લાઝામાં પ્રવેશ કરે છે, જેમ કે કેસ હોય અને યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરપેશ દ્વારા ફી ચૂકવવાનું પસંદ કરે છે.

તો તેણે નિયમ ૪ના પેટા-નિયમ(૨)ની જોગવાઈઓ અનુસાર, વાહનની તે શ્રેણી પર લાગુ થતી વપરાશકર્તા ફીના ૧.૨૫ ગણા ચૂકવવા પડશે. નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે કે, જો વાહન માલિક અથવા ડ્રાઈવર આ નિયમન હેઠળ નિર્દિષ્ટ પદ્ધતિ મુજબ ફી ચૂકવવાનો વિકલ્પ પસંદ નહિં કરે, તો તેવા વાહન સામે નિયમ ૧૪ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. તાજેતરમાં એનએચએઆઈએ તેના ફાસ્ટગેટ એન્યુઅલ પાસ માટે ૫૦ લાખ સબ્સ્ક્રાઈબર્સનો આંકડો વટાવ્યો છે, જે વપરાશકર્તાઓને વાર્ષિક રૂપિયા ૩,૦૦૦માં ૨૦૦ વખત ટોલ કોસ કરવાની મંજૂરી આપે છે.

HDB FINANCIAL SERVICES — એચડીબી ફાયનાન્સિયલ સર્વિસઝ લીમીટેડ

From the trusted family of HDFC Bank

રજીસ્ટર્ડ ઓફીસ : રાધિકા, બીજો માળ, લૉ ગાર્ડન રોડ, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૯

શાખા ઓફીસ : ૧૦૧, પહેલો માળ, વૃક્ષઆકૃતિ કોપરપ્લેશ બિલ્ડીંગ, વેસ્ટસાઇડ શોપ સામે, શ્યામલ ક્રોસ રોડ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫

સરફૈસી એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસ

તમે નીચે જણાવેલ દેવાદારો, સહ-દેવાદારો અને જામીનદારોએ એચડીબી ફાયનાન્સિયલ સર્વિસિઝ લીમીટેડ શાખામાંથી તમારી સ્થાવર મિલકતો (સિક્યોરિટી) નો ગીરો કરીને લોન(નો) ની સવલત(તો) મેળવી હતી. તમે તમારી નાણાંકિય શિષ્તતા જાળવી નથી અને તેની પરત ચુકવણીમાં કસુર કર્યો છે. તમારા કસુરોને પગલે તમારી લોનો નોન પરફોર્મિંગ એસેટ્સ તરીકે વગીકૃત કરાઇ હોવાથી તમે મેળવેલ જણાવેલ લોન(નો) તેમજ તેની પરત ચુકવણી માટે સિક્યોરિટીઝની બાબતમાં રચાયેલ સિક્યોરિટી બાકી રકમની વસુલાત માટે એચડીબીએફએસ હકો ધરાવે છે, હવે સિક્યોરિટાઇઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એક્ટ) ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસ જારી કરાઇ છે, જેની વિગતો સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩(૧) સાથે વંચાતી એક્ટની કલમ ૧૩(૨) મુજબ તમને વૈકલ્પિક બજવણીના માર્ગે અહીં પ્રસિદ્ધ કરાઇ રહી છે. દેવાદારો, સહ-દેવાદારો, જામીનદારો, લોનો અને સિક્યોરિટીઝ, બાકી રકમ, કલમ ૧૩(૨) હેઠળ મોકલાયેલ માંગણા નોટીસ અને દાવાની રકમ અહીં નીચે આપેલ છે :

(૧) દેવાદાર અને સહ-દેવાદારો : ૧. ફીટ ૪ ફિટનેસ, ૨. શાંતાબાઇ લોહાર, ૩. લોહાર મહેશકુમાર સુંદરલાલ, તમામનું સરનામું : પહેલો માળ, શ્રી પંચવિલા ટાવર શોપ નં. ૧ અને ૩, વલભટાવર, મેમનગર રોડ, મેમનગર અમદાવાદ, અમદાવાદ-૩૮૦૦૫૨, ગુજરાત અને કોમર્સિયલ શોપ નં. ૧, પહેલો માળ શ્રી પંચવિલા ટાવર જ્યંતનગર કો. ઓ. હાઉસિંગ સોસાયટી લીમીટેડ વિભાગ-૩, સર્વે નં. ૪૫, ૪૬ અને ૪૭, ટીપી સ્કીમ નં. ૧, એફપી નં. ૮૪ અમદાવાદ-૩૮૦૦૫૨ અને એ-૫૦૨ એલ-ગ્રીસિયા, વિવેકાનંદ ચોક પાસે, ઇલાઇટ-૩૨ પાસે, અમદાવાદ સિટી, અમદાવાદ-૩૮૦૦૫૨, ગુજરાત. **(૨) લોન એકાઉન્ટ નંબર :** ૫૯૨૦૪૬૧૭ **(૩) લોનની રકમ રૂા. માં :** રૂા. ૩૦૦૦૦૦૦/- (રૂપિયા ત્રણ કરોડ પુરા) લોન એકાઉન્ટ નં. ૫૯૨૦૪૬૧૭ **(૪) સિક્યોરીટીની વિગત ગીરો મિલકત :** શોપ નં. ૧, પહેલો માળ, 'શ્રી પંચવિલા ટાવર' તરીકે જાણીતી સ્કીમ, જ્યંતનગર કો.ઓ. હાઉસિંગ સોસાયટી વિભાગ-૩, મુકામ-સર્વે નં. ૪૫, ૪૬ અને ૪૭, ટીપી સ્કીમ નં. ૧, એફપી નં. ૮૪, મોજે-મેમનગર, તાલુકો-દ્યાટલોડિયા, જિલ્લો અને પેટા જિલ્લા-અમદાવાદ ખાતેની કોમર્સિયલ મિલકતના તમામ ભાગ અને હિસ્સા. (ક્ષેત્રફલ આશરે ૩૩૪.૪૫૦૯ ચો.મી. આશરે ૩૬૦૦ ચો. ફુટ) **૫) માંગણા નોટીસની તારીખ :** ૧૬-૦૨-૨૦૨૬ **(૬) બાકી રકમ રૂા. :** રૂા. ૨૯૭૭૧૦૨૦.૮૩/- (રૂપિયા બે કરોડ સત્તાણું લાખ ઈકોતેર હજાર વીસ અને ત્યાંશી પૈસા પુરા) ૧૧-૦૨-૨૦૨૬ મુજબ તેમજ જણાવેલ રકમ પર કરારના દરે ચડત વ્યાજ અને પુરેપુરી ચુકવણી સુધી વાસ્તવિક છુટકારા સુધી આકસ્મિક ખર્ચ, કોસ્ટ અને ચાર્જ.

૧. દેવાદાર અને સહ-દેવાદારો/જામીનદારોને આ નોટીસના ૬૦ દિવસની અંદર પુરેપુરી ઉપર જણાવેલ માંગણાની રકમ તેમજ ચડત વ્યાજ ચુકવવા જણાવવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં, એચડીબીએફએસના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીને એક્ટ હેઠળ કાર્યવાહી કરીને ઉપર જણાવેલ સિક્યોરિટીઝને ટાંચમાં લેવાની ફરજ પડશે.

૨. નોંધ લેવી કે જણાવેલ એક્ટની કલમ ૧૩(૧૩) હેઠળ. ગીરવેદારોને એચડીબીએફએસની મંજુરી વગર વેચાણ, લીઝ, લીવ અને લાયસન્સ અથવા અન્ય રીતે ઉપર જણાવેલ સિક્યોરિટીઝને તબદિલ કરવાની મનાઇ ફરમાવવામાં આવે છે.

૩. કોઇપણ પુછપરછ અથવા પુરેપુરી અને અંતિમ પતાવટ માટે **શ્રી રામકરણ મિશ્રા, સંપર્ક નં. ૭૬૦૦૧૧૬૦૦૯ (એરિયા કલેક્શન મેનેજર), શ્રી પ્રશાંત મખેચા : સંપર્ક નં. ૭૬૦૦૮૦૦૬૦૦ (ઝોનલ કલેક્શન મેનેજર), શ્રી ધર્મવીર પુનિયા, મોબાઇલ નં. ૯૬૬૪૦૪૬૬૦૪ (લિગલ મેનેજર)** એચડીબી ફાયનાન્સિયલ સર્વિસઝ લીમીટેડ.

સહી/-
એચડીબીએફએસ વતી
અધિકૃત સહિકર્તા

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૮-૦૪-૨૦૨૬

ASIAN FERTILIZERS LIMITED

CIN: L99999UP1986PLC007621
Regd. office: Flat No. 202, Preet Garden, 3A/172, Azad Nagar, Kanpur, 208002
Corporate office: P.W.D. officer's colony, Near Sahara Press, Park road, Gorakhpur-273001
E-mail. afl@asianfertilizers.com
Phone: (0551) 2203421, 2202436, **Website:** www.asianfertilizers.com

NOTICE

The amendment to Regulation 40 of Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 vide Gazette notification dated June 8, 2018 has mandated that transfer of securities would be carried out in dematerialized form only w.e.f. 01/04/2019.

Pursuant to the above amendment, Asian Fertilizers Limited (ISIN: INE01OY01018) is requesting to all its shareholders to get their shares converted into dematerialized form. It is requested to kindly approach Company at afl@asianfertilizers.com and your concerned Depository Participant with application letter along with original Share certificates, self-attested copy of Pan Card, self-attested Latest address proof, self-attested copy of Bank Passbook/ cancelled cheque leaf and bank verified signatures, as earliest possible.

SEBI vide circular no. SEBI/HO/MIRSD/DOP1/CIR/P/2018/73 dated April 20, 2018 has mandated the submission of copy of Permanent Account Number (PAN) by every participant in securities market. Therefore, members are requested to submit copy of their PAN and bank account details (original cancelled cheque leaf/ attested bank passbook showing name of account holder) to Company / RTA.

In the support of Green Initiative in Corporate Governance, members are requested to register their e-mail address(es) and changes therein from time to time, by directly sending the relevant e-mail address along with details of name, address, Folio No., shares held: i) To the registrar and share transfer agent, M/s Skyline Financial Services Pvt. Ltd or Company for shares held in physical form /Demat;

Upon registration of the email address (es), the Company proposes to send Notices, Annual Report and such other documents to those Members via electronic mode/e-mail.

For Asian Fertilizers Limited
Sd/- Ashok Kumar Matanhelia
Managing Director
DIN:01763776

Date:08-04-26

ગુજરાત ગેસ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : ગુજરાત ગેસ CNG સ્ટેશન, સેક્ટર-૫/સી, ગાંધીનગર-૩૮૨૦૦૬, ગુજરાત. **ફોન નં.:** +૯૧-૭૯-૨૬૩૩૪૦૦, **વેબસાઇટ :** www.gujaratgas.com **ઈ-મેઇલ :** Investors@GUJARATGAS.com **CIN:** L40200GJ2012SGC069118

GUJARAT GAS

શેરધારકોને નોટીસ

૧. **તા.૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલા વેચાયેલ / ખરીદેલ ફીઝીકલ (ભૌતિક) સિક્યોરિટીઝના ટ્રાન્સફર અને ડિમટીરિયલાઇઝેશન માટે વિશેષ વિન્ડો માટે દ્વિતીય (બીજી) નોટીસ**

સેબીના પરિપત્ર ક્રમાંક **HO/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026** તારીખ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬("સેબી પરિપત્ર")અનુસાર, અગાઉ સુપરત કરવામાં આવેલ અને દસ્તાવેજોમાં ખામીઓને કારણે નામંજુર કરવામાં આવેલ / પરત મોકલેલ / ધ્યાન પર ન લેવાયેલ તેવી તમામ ટ્રાન્સફર વિનંતીઓ માટે સેબી એ તારીખ ૦૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલા વેચાયેલ / ખરીદેલ ફીઝીકલ (ભૌતિક) સિક્યોરિટીઝના ટ્રાન્સફર અને ડિમટીરિયલાઈઝડ માટે **૦૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી ૪ ફેબ્રુઆરી, ૨૦૨૭** સુધી એક વર્ષના સમયગાળા માટે બીજી વિશેષ વિન્ડો ખોલવાનો નિર્ણય લીધેલ છે.

તદ્અનુસાર, સેબીના પરિપત્રનું પાલન કરતા, લાયક (eligible) રોકાણકાર / ટ્રાન્સફરીને **તારીખ ૦૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલાં કરાયેલા શેર ટ્રાન્સફર ડીડ દાખલ કરવા અથવા ગુજરાત ગેસ લિમિટેડનાં શેરના ટ્રાન્સફર અને ડિમટીરિયલાઇઝેશન** માટેના દસ્તાવેજોમાં ખામીઓને કારણે નામંજુર કરવામાં આવેલ / પરત મોકલેલ / ધ્યાન પર ન લેવાયેલ તેવા તમામ ટ્રાન્સફરડીડ તા.૦૪ ફેબ્રુઆરી, ૨૦૨૭ ના રોજ અથવા તે પહેલાં દાખલ કરવા અથવા ફરીથી લોજ (દાખલ) કરવા માટે સૂચના આપવામાં આવે છે. ટ્રાન્સફર માટે ફરીથી લોજ (દાખલ) કરાયેલા ટ્રાન્સફરડીડ સેબી પરિપત્રમાં નિર્ધારિત યોગ્ય પ્રક્રિયા અને શરતોનું પાલન કર્યા પછી જ ડિમટીરિયલાઇઝ્ડ સ્વરૂપમાં પ્રક્રિયા કરવામાં આવશે અને આ રીતે ટ્રાન્સફર કરાયેલા શેર ટ્રાન્સફરની નોંધણીની તારીખથી એક વર્ષના લોક-ઈન સમયગાળા હેઠળ રહેશે.

રોકાણકાર / ટ્રાન્સફરીએ નોંધ લેવી કે ટ્રાન્સફર૨૨ (ટ્રાન્સફર કરનાર) અને ટ્રાન્સફરી (ટ્રાન્સફર લેનાર) વચ્ચેના વિવાદો અથવા જો સિક્યોરિટિઝ ઈન્વેસ્ટર્સ એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (IEPF)માં ટ્રાન્સફર કરવામાં આવી હોય તેવા મામલાઓ, આ પ્રક્રિયા માટે આ વિન્ડો હેઠળ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રોકાણકાર / ટ્રાન્સફરી તેમની વિનંતીઓ ઓરીજીનલ શેર સર્ટીફિકેટ અને સેબીનાં પરિપત્રમાં નિર્ધારિત અન્ય જરૂરી દસ્તાવેજો સાથે કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (R&TA) એટલે કે કેફીન ટેક્નોલોજીસ લિમિટેડને નીચે દર્શાવેલ સરનામે સુપરત કરી શકે છે.

૨. **IEPF બીજા ૧૦૦- દિવસના અભિયાન હેઠળ પહેલ - "સક્ષમ નિવેષક"**

૨૭ માર્ચ, ૨૦૨૬ ના રોજ ઈન્વેસ્ટર્સ એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ ઓથોરિટી (IEPFA), કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA)ના પત્ર અનુસાર, કંપનીએ **૦૧ એપ્રિલ, ૨૦૨૬ થી ૦૯ જુલાઇ, ૨૦૨૬** સુધી બીજા ૧૦૦ દિવસના અભિયાન - **"સક્ષમ નિવેષક"** શરૂ કર્યુ છે. આ અભિયાનનો ઉદ્દેશ્ય શેરધારકોને તેમની KYC વિગતો, બેંક આદેશો (મેન્ડેટ્સ) અને સંપર્ક માહિતી અપડેટ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો અને જેથી યોગ્ય (લાયક) શેરધારકોને ચૂકવવામાં ન આવેલા / દાવા ન કરાયેલા ડિવિડન્ડની સીધી ચુકવણીની સુવિધા મળે અને ઈન્વેસ્ટર્સ એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (IEPFA)માં ચૂકવવામાં ન આવેલા અથવા દાવો ન કરાયેલા ડિવિડન્ડ / શેર ટ્રાન્સફર અટકાવી શકાય.

ફીઝીકલ (ભૌતિક) સ્વરૂપમાં શેર ધરાવતા શેરધારકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ તેમની KYC વિગતો, બેંક આદેશો (મેન્ડેટ્સ) અને નોમિનેશન વિગતો કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (R&TA) **એટલે કે કેફીન ટેક્નોલોજીસ લિમિટેડ, યુનિટ ગુજરાત ગેસ લિમિટેડ, સેલેનિયમ બિલ્ડીંગ, ટાવર-બી, પ્લોટ નં.૩૧ અને ૩૨, ફાઇનાન્સિયલ ડિસ્ટ્રિક્ટ, નાનકરામગુડા, સેરીંગમપલ્લી મંડલ, હૈદરાબાદ-૫૦૦૦૩૨, તેલંગાણા ઉપર મોકલી શકે છે, ટોલ ફ્રી નંબર :૧૮૦૦-૩૦૯-૪૦૦૧ અથવા** einward.ris@kfintech.com પર ઈ-મેલ દ્વારા અપડેટ કરાવી શકે છે. ડિમેટ ફોર્મમાં શેર ધરાવતા શેરધારકોએ તેમના KYC અને બેંક ખાતાની વિગતો તેમના સંબંધિત ડિપોઝીટરી પાર્ટિસિપન્ટ્સ સાથે અપડેટ કરાવવી.

નાણાંકિય વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૪-૨૫ સુધીના ડિવિડન્ડનો દાવો ન કરનારા શેરધારકોને વિનંતી છે કે તેઓ તેમના વણચૂકવાયેલા (અનપેઇડ) અથવા દાવો ન કરાયેલા ડિવિડન્ડ નો દાવો કરવા માટે R&TA / કંપનીનો સંપર્ક કરે જેથી તે IEPF ઓથોરિટીને ટ્રાન્સફર ન થાય. કંપનીએ www.gujaratgas.com પર "ઇન્વેસ્ટર્સ રિલેશન" (રોકાણકારો સંબંધ) વિભાગ હેઠળ છેલ્લા સાત (૭) વર્ષથી વણચૂકવાયેલા (અનપેઇડ) અથવા દાવો ન કરાયેલા ડિવિડન્ડની વિગતો અપલોડ કરી છે.

ગુજરાત ગેસ લિમિટેડ
વતી
સંદિપ દવે
કંપની સેક્રેટરી

સ્થળ: ગાંધીનગર
તા.: ૦૮ એપ્રિલ, ૨૦૨૬

केनरा बैंक Canara Bank

सिंडिकेट Syndicate

निकोल शाखा : દુકાન નં. ગ્રાઉન્ડ ફ્લોર ૧૦ થી ૧૫, પ્રથા રેસીડેન્સી, પ્લેટિનમ મોલ પાસે, ૬૦ ફૂટ રોડ, નિકોલ, અમદાવાદ ૩૮૨૩૫૦. **ફોન નં.: ૮૫૧૧૧૦૧૪૦૩ ઇમેઇલ: cb6632@canarabank.com**

દેવાદાર/જામીનદાર/ગીરોદારને (કલમ ૧૩ (૨)) હેઠળ માંગણા નોટિસ

Ref: AMRO/RLFP/NIKOL/STARPLAST/2025-26/01/PS **તારીખ : ૦૨/૦૪/૨૦૨૬**

પ્રતિ,

દેવાદાર ૧. **મેસર્સ સ્ટાર પ્લાસ્ટ**
માલિક: શ્રી હર્ષદકુમાર બાબુભાઈ પટેલ
ગ્રાઉન્ડ ફ્લોર, ૯, દેવકૃપા ફ્લોરા, એસપી રિંગ રોડ, નિકોલ, અમદાવાદ ૩૮૨૩૫૦

દેવાદાર/ માલિક/ ગિરવેદાર ૨. **શ્રી. હર્ષદકુમાર બાબુભાઈ પટેલ**
બી-૬૦૨, શેહકુંજ એલાઈજન્સ, શિવાલય પરિસર પાછળ, કુડાસણ, ગાંધીનગર ૩૮૨૪૨૧
બિઝનેસ હાઉસ નં. જે//૧૦, ગ્રાઉન્ડ ફ્લોરથી ૪થા માળે, તેજેન્દ્ર આર્કેડ, રખિયાલ રોડ પાસે, તા. મણિનગર, જિ. અમદાવાદ ૩૮૦૦૨૧

આદરણિય મહોદય

વિષય : સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ.

આપે અમારી **કેનેરા બેંક, નિકોલ શાખા** પાસેથી, વખતો વખત નીચે મુજબની લોન્સ/ક્રેડિટ સુવિધાઓ મેળવી હતી.

અ. નં.	લોન નંબર	લોન/મર્યાદાનો પ્રકાર	મુદ્દલ	વ્યાજ અને અન્ય ખર્ચાઓ	કુલ જવાબદારી	વ્યાજનો દર સાથે પેનલ વ્યાજ સહિત
1	૧૭૦૦૧૫૬૮૫૮૧૦	TERM LOAN	રૂા. ૧,૩૬,૮૮,૮૯૦.૦૦ ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ	રૂા.૫,૨૬,૯૩૪.૧૬ ૨૭/૦૩/૨૦૨૬ના રોજ	રૂા. ૧,૪૨,૧૫,૮૨૪.૧૬ ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ	૧૨.૪૫%
2	૧૭૦૦૧૫૭૫૪૯૫૭	TERM LOAN	રૂા. ૨૧,૦૫,૯૮૫.૦૦ ૧૬/૦૩/૨૦૨૬ ના રોજ	રૂા. ૭૬,૬૧૮.૭૬ ૧૬/૦૩/૨૦૨૬ ના રોજ	રૂા. ૨૧,૮૨,૬૦૩.૭૬ ૧૬/૦૩/૨૦૨૬ ના રોજ	૧૨.૨૦%
		કુલ	રૂા.૧,૫૭,૬૪,૮૭૫.૦૦	રૂા. ૬,૦૩,૫૫૨.૬૨	રૂા.૧,૬૩,૬૮,૪૨૭.૬૨	

ઉપરોક્ત લોન્સ/ક્રેડિટ સુવિધાઓને નીચે યાદીમાં વિગતવાર જણાવેલ મિલકત ગીરો કરાવીને આપના દ્વારા અમારી તરફેણમાં સંબંધિત યોગ્ય દસ્તાવેજોની કાર્યવાહી કરીને સુરક્ષિત કરવામાં આવી હતી. આપ જણાવેલ શરતો અને નિયમો અનુસાર નાણાં ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી બેંકે **તા. ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ** આપના ખાતાને **એનપીએ** તરીકે જાહેર કર્યું હતું. આથી અમે આપને કથિત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ આપીએ છીએ કે આપે **૨૭/૦૩/૨૦૨૬ ના રોજ સુરક્ષિત લેણદાર પ્રત્યે દેવાદારની રકમ રૂા. ૧,૪૨,૧૫,૮૨૪.૧૬ (રૂપિયા એક કરોડ બેતાલીસ લાખ પંદર હજાર આઠસો ચોવીસ અને સોળ પૈસા માત્ર) + ૨૮/૦૩/૨૦૨૬ થી ટર્મ લોન ખાતામાં વધુ વ્યાજ અને શુલ્ક અને ૧૬/૦૩/૨૦૨૬ ના રોજ, રૂા. ૨૧,૮૨,૬૦૩.૭૬ (રૂપિયા એકવીસ લાખ બેયાસી હજાર છસો ત્રણ અને છોત્તેર પૈસા માત્ર) + ૧૭/૦૩/૨૦૨૬ થી તમારા ટર્મ લોન ખાતામાં વધુ વ્યાજ અને શુલ્ક, ઉપાર્જિત અને અદ્યતન વ્યાજ અને અન્ય ખર્ચ** સાથે આ નોટીસની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકતે કરી જવી. જેમાં કસૂર થવા પર બેંક કથિત એક્ટની કલમ ૧૩(૪) હેઠળના કોઇપણ અથવા તમામ અધિકારનો ઉપયોગ કરશે.

ઉપરાંત, આપને બેંકની પૂર્વ મંજૂરી સિવાય શિડ્યુલમાં જણાવેલ સુરક્ષિત મિલકતનો કોઇપણ રીતે ઉપયોગ કરવાથી પ્રતિબંધિત કરવામાં આવે છે. આ અમને કથિત એક્ટ દ્વારા ઉપલબ્ધ અને/અથવા પ્રવર્તમાન અન્ય કોઇપણ એક્ટ દ્વારા ઉપલબ્ધ કોઇપણ અન્ય અધિકારના પૂર્વગ્રહ સિવાય છે.

સુરક્ષિત મિલકત છોડાવવા માટે ઉપલબ્ધ સમય અંગે સરફેસી એક્ટની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ પ્રત્યે અમે આપનું ધ્યાન દોરીએ છીએ. આપને આ ડિમાન્ડ નોટીસ શાખામાં ઉપલબ્ધ આપના છેલ્લા સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. દ્વારા મોકલવામાં આવી છે.

પરિશિષ્ટ

સ્થાવર મિલકતની વિગતો

અ. નં.	પ્રકાર	ટાઇટલ ધારકના નામ
૧	સ્થાવર મિલકત વ્યવસાય મકાન નં. જે-૧૦ ના બધા ભાગ અને પાર્સલ (મંજૂર યોજના ૧૦ મુજબ) ગ્રાઉન્ડ ફ્લોર ક્ષેત્રફળ ૫૧ ચોરસ મીટર, પહેલો માળ ૫૧.૦૦ ચોરસ મીટર બીજો માળ ૫૧ ચોરસ મીટર, ત્રીજો માળ ૫૧ ચોરસ મીટર અને ચોથો માળ ૫૧ ચોરસ મીટર, કુલ ૨૫૫.૦૦ ચોરસ મીટર. (કાર્પેટ એરિયા (લિફ્ટ, સીડી અને સીડી કેબિન) બિઝનેસ હાઉસ અને અવિભાજિત શેર જમીનનું બાંધકામ લગભગ ૧૯૦.૮૦ ચોરસ મીટર. "તેજેન્દ્ર આર્કેડ" તરીકે ઓળખાતી યોજનામાં, જે એન.એ. પર્પેચ્યુઅલ લીઝ હોલ્ડ લેન્ડ બેરિંગ સબ-પ્લોટ નં. ૧ પર બાંધવામાં આવ્યું છે. લગભગ ૧૮૫૪૦.૯૯ ચોરસ મીટર., અંતિમ પ્લોટ નં. ૩૧/૩ પૈકી પાયકી ક્ષેત્રફળ લગભગ ૨૩૧૭૬.૨૪ ચોરસ મીટર. પૈકી ૪૬૩૫ ચોરસ મીટર. ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૧૧ ઓ.પી. નં. ૧૪ સી, રેવન્યુ બ્લોક/સર્વે નં. ૪૮૭ સ્થિત અને મૌજે-રાખિયાલ ખાતે સ્થિત. તાલુકા-મણિનગર, અમદાવાદ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને અમદાવાદ-૦૭ (ઓઢવ) ના પેટા જિલ્લામાં અને **નીચે મુજબ સીમાઓ ધરાવે છે:**
સીમાઓ: પૂર્વ તરફ અથવા તેની તરફ: બિઝનેસ હાઉસ નં. જે-૩ **પશ્ચિમ તરફ અથવા તેની તરફ:** મુખ્ય પ્રવેશદ્વાર પછી અને તેની તરફનો રસ્તો: **ઉત્તર તરફ અથવા તેની તરફ:** બિઝનેસ હાઉસ નં. જે-૧૧ **દક્ષિણ તરફ અથવા તેની તરફ:** બિઝનેસ હાઉસ નં. ત્ન-૯
સેરસાઇ સિક્યોરિટીઇન્ટરેસ્ટ આઇડી: ૪૦૦૦૯૦૩૫૨૯૨૨	**શ્રી હર્ષદકુમાર બાબુભાઈ પટેલ**

તારીખ : ૦૨/૦૪/૨૦૨૬, સ્થળ : અમદાવાદ નોંધ : વિવાદની સ્થિતિમાં અંગ્રેજી આવૃત્તિમાં પ્રકાશિત થયેલ નોટીસ માન્ય ગણાશે. **અધિકૃત અધિકારી, કેનરા બેંક**

એલ&ટી ફાઇનાન્સ લિમિટેડ
(અગાઉ એલ&ટી ફાઇનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
નોંધણીકૃત કાર્યાલય: એલ&ટી ફાઇનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-400 098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલય: અમદાવાદ

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ

એર ઇન્ડિયા ગ્રુપ સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઇટો પર ફ્યુઅલ સરચાર્જ લાદશે

પીટીઆઇ
મુંબઇ, તા. ૭

એર ઇન્ડિયા ગ્રુપે આજે જણાવ્યું હતું કે તે સ્થાનિક ફ્લાઇટ માટે ૨૯૯ ડોલરથી ૮૯૯ ડોલર અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ (કેટલાક માર્ગ સિવાય) માટે ૨૪ ડોલરથી ૨૮૦ ડોલરની શ્રેણીમાં ફ્યુઅલ સરચાર્જ લાદશે.

એર ઇન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ૮ એપ્રિલથી અમલમા આવેલો સુધરેલો ફ્યુઅલ સરચાર્જ એરલાઇનની સસ્તી પેટા કંપની એર ઇન્ડિયા એક્સપ્રેસ દ્વારા ઓપરેટ થતી ફ્લાઇટ માટે લાગુ થશે.

બાંગ્લાદેશ અને જાપાન, હોંગકોંગ અને દક્ષિણ કોરિયા જેવા દુર પૂર્વના સ્થળોની ફ્લાઇટ પર ફ્યુઅલ સરચાર્જમાં સુધારાની સલાહ યોગ્ય સમયે જરૂરી નિયમનકારી મંજૂરીઓને આધીન આપવામાં આવશે, તેમ એરલાઇને જણાવ્યું હતું.



સ્થાનિક એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ)ના ભાવ વધારાને ૨૫ ટકા સુધી મર્યાદિત કરાવના સરકારના નિર્ણય બાદ એર ઇન્ડિયા ગ્રુપે આ માપાંકિત અભિગમ અપનાવ્યો છે, જે સ્થિર સ્થાનિક સરચાર્જથી અંતર આધારીત ગ્રીડમાં સંક્રમણ કર્યું છે.

વધુમાં, આંતરરાષ્ટ્રીય એટીએફ ભાવોમાં કોઇ ઘટાડો નહીં થાય તો એર ઇન્ડિયા જૂથ ઇંધણ સરચાર્જમાં વધુ નોંધપાત્ર ફેરફારો અમલમાં મુકશે.

અન્ય સ્થાનિક એરલાઇન ઇન્ડિગોએ પહેલેથી જ ઇંધણ સરચાર્જમાં વધારો કર્યો છે.

ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (આઇએટીએ)ના હાલના ડેટાને ટાંકીને એરલાઇને જણાવ્યું હતું કે ૨૭ માર્ચના રોજ પૂરા થયેલા સમાહામાં વૈશ્વિક સરેરાશ જેટ ઇંધણનો ભાવ બેરલ દીઠ ૧૯૫.૧૯ ડોલર થયો છે, જે ફેબ્રુઆરીના અંતમાં ૯૯.૪૦ ડોલર હતો, જે લગભગ ૧૦૦ ટકાનો વધારો દર્શાવે છે. એટીએફ એરલાઇનના કુલ ખર્ચમાં ૪૦-૪૫ ટકાનો હિસ્સો ધરાવે છે.

ફૂડ ઓઇલ રિફાઇનિંગ ઉત્પાદિત એટીએફ તેના ફૂડ ઓઇલ ઘટક તેમજ રિફાઇનરી માર્જિન બંનેમાં એક સાથે વધારો જોવા મળ્યો છે, જેને ક્રેક સ્પ્રેડ તરીકે ઓળખવામાં આવે છે અને બાદમાં ત્રણ સમાહમાં લગભગ ત્રણ ગણો વધારો થયો છે.

એર ઇન્ડિયાએ જણાવ્યું હતું કે ૨૭ ફેબ્રુઆરીના રોજ પૂરા થતા સમાહામાં તે ૨૭.૮૩ ડોલરથી વધીને ૨૭ માર્ચના રોજ પૂરા થયેલા સમાહામાં ૮૧.૪૪ ડોલર થયું છે.આ તીવ્ર વધારો ફૂડ ઓઇલના ભાવોમાં વધારાને પગલે થાય છે, જેને પગલે હાલના વર્ષોમાં વૈશ્વિક સ્તરે એરલાઇને સામનો કરવો પડેલા સૌથી પડકારજનક ઇંધણ ખર્ચના વાતાવરણમાંનું એક બન્યું છે.

ટ્રાઈએ ફ્રી ટીવી સ્ટ્રીમિંગની તેજીના નિયમન માટેનું માળખું રજૂ કર્યું


ઓજસ્વી ગુપ્તા
નવી દિલ્હી, તા. ૭

સ્માર્ટ ટીવી પરનું મફત ટેલિવિઝન સ્ટ્રીમિંગ મોડેલ હવે નિયમનકારી તપાસ હેઠળ આવી શકે છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઇ)એ આવા પ્લેટફોર્મ્સને નિયમિત કરવા માટે ઔપચારિક માળખું પ્રસ્તાવિત કર્યું છે અને લાઇસન્સિંગ, સામગ્રી માટેની જવાબદારી તથા ન્યાયસંગત સ્પર્ધા અંગે ચિંતાઓ વ્યક્ત કરી છે.

પરામર્શ પત્રમાં નિયમનકારએ ફ્રી એડ-સપોર્ટેડ સ્ટ્રીમિંગ ટેલિવિઝન (એફએએસટી) સેવાઓના વધતા પ્રભાવનું મૂલ્યાંકન કર્યું છે. તેમાં સેમસંગ ટીવી પ્લસ, એલજી ચેનલ્સ અને પ્લુટો ટીવી જેવા પ્લેટફોર્મ્સનો સમાવેશ થાય છે, જે સબસ્ક્રિપ્શન ફી વગર ઈન્ટરનેટ મારફતે શેડ્યૂલ મુજબ ટેલિવિઝન ચેનલો પ્રસારિત કરે છે અને જાહેરાત દ્વારા આવક મેળવે છે.

નિયમનકારએ માહિતી અને પ્રસારણ મંત્રાલય (એમઆઇબી) તરફથી મળેલા સંદર્ભના જવાબમાં આ મુદ્દે વિચારણા કરી છે. મંત્રાલયે નોંધ્યું હતું કે આવી સેવાઓ હાલમાં કોઈ લાઇસન્સિંગ અથવા નોંધણી માળખા વિના જ જાહેર જનતાને ટેલિવિઝન ચેનલો પ્રસારિત કરી રહી છે.

આ ચિંતાઓ અંગે ટ્રાઇએ



જણાવ્યું કે એફએએસટી સેવાઓ પરંપરાગત પ્રસારણ જેવી જ છે અને ડિસ્ટ્રિબ્યુશન સર્વિસ પ્રોવાઇડર જેવી કામગીરી કરે છે, પરંતુ નિયમનકારી દેખરેખ વિના.

પ્રતિસાદરૂપે, ટ્રાઇએ માત્ર એફએએસટી સેવાઓને નિયમિત કરવાનો નિર્ણય કર્યો નથી, પરંતુ વધુ વ્યાપક શ્રેણી - એપ્લિકેશન આધારિત લિનિયર ટેલિવિઝન ડિસ્ટ્રિબ્યુશન (એએલટીડી) સેવાઓ - પણ રજૂ કરી છે. આવા પ્લેટફોર્મ્સ ભવિષ્યમાં માત્ર જાહેરાત આધારિત મોડેલથી આગળ વધીને સબસ્ક્રિપ્શન અથવા મિશ્ર (હાઇબ્રિડ) મોડેલ પણ અપનાવી શકે છે. એફએએસટીને આવરી લેતી એએલટીડી જેવી વિશાળ શ્રેણી નિર્ધારિત કરીને, ટ્રાઇ ઈન્ટરનેટ મારફતે લિનિયર ટેલિવિઝન ચેનલો વિતરણ કરતી તમામ પ્લેટફોર્મ્સને, તેમના વ્યવસાય મોડેલની પરવા કર્યા વગર, નિયમન હેઠળ લાવવા ઇચ્છે છે.ટ્રાઇએ સંકેત આપ્યો છે કે એફએએસટી/એએલટીડી પ્લેટફોર્મ્સને લાઇસન્સિંગ માળખા હેઠળ લાવવામાં આવી શકે છે. તેમાં સરકારની મંજૂરી મેળવવી, સામગ્રી અને જાહેરાત સંહિતાનું પાલન કરવું તથા પ્રમાણભૂત ફરિયાદ નિવારણ પ્રણાલીઓ સ્થાપિત કરવી જેવી આવશ્યકતાઓ સામેલ હોઈ શકે છે.

નિયમનકારે પોતાની અગાઉની ભલામણને ફરી દોહરાવી છે કે એફએએસટી ચેનલ વિતરણ માટે ટેલિવિઝન ચેનલ ડિસ્ટ્રિબ્યુશન સેવાઓ હેઠળ અલગ સત્તાધિકરણ શ્રેણી રજૂ કરવી જોઈએ.

એચસીએલ ટેકની યુએસ ખાતેની પેટાકંપનીએ ૧૨૦ કર્મચારીઓને છૂટા કર્યા



પોલોમી ચેટરજી
મુંબઇ, .૭

કંપનીએ દર્શાવ્યું છે કે અસર પામેલા કર્મચારીઓમાં રોલ્સ જેવા કે સિનિયર સર્વિસ ડિલિવરી મેનેજર્સ, પોર્ટફોલિયો ડિલિવરી હેડ્સ અને સર્વિસ ડિલિવરી અગ્રણીઓનો સમાવેશ થાય છે.

એચસીએલ અમેરિકા, કે જે ભારતીય આઇટી મેજર એચસીએલ ટેકની પેટાકંપની છે તેણે જાહેરાત કરી છે કે તે ૧૨૦ કર્મચારીઓને ઓર્લાન્ડો ફેસિલિટીમાંથી છૂટા કરી રહી છે અને તેની શરૂઆત ૨૯મી મેથી થઇ શકે છે, તેમ વર્કર એડજસ્ટમેન્ટ એન્ડ રિટ્રેઇનિંગ નોટિફિકેશન(ડબલ્યુએઆરએન)માંથી મળેલી નોટીસમાં જણાવાયું છે.

કંપનીએ દર્શાવ્યું છે કે અસર પામેલા કર્મચારીઓમાં સિનિયર સર્વિસ ડિલિવરી મેનેજર્સ, પોર્ટફોલિયો ડિલિવરી હેડ્સ અને સર્વિસ ડિલિવરી લીડ્સનો સમાવેશ થાય છે.

ફાઇલિંગમાં એમ પણ દર્શાવાયું છે કે કર્મચારીઓની આવી છટણી તબક્કાવાર રીતે આ વર્ષના અંત સુધી કરવામાં આવશે, સાથે નાનો હિસ્સો જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૭માં પણ રહી શકે છે.

એચસીએલએ જણાવ્યું છે કે આ ઘટાડો એ રૂટિન ઓપરેશનલ રિસ્ટ્રક્ચરિંગનો એક ભાગ છે, પરંતુ અન્ય કોઇ વિગતો આપી ન હતી.

કંપનીએ ડબલ્યુએઆરએન નોટિસ ૨૭મી માર્ચે ફાઇલ કરી હતી અને માહિતી આપી હતી કે અસર પામનારા કામદારો અન્ય આંતરિક ઓપનિંગ્સ અને અન્ય ક્લાયન્ટ પ્રોજેક્ટસની તપાસ કરતા હશે તો તેઓને સમાવી શકાય તેમ છે કે કેમ તેની તપાસ કરવામાં આવશે.

ડબલ્યુએઆરએન યુએસ ધારા મુજબ ૧૦૦થી વધુ કર્મચારીઓ ઘરાવતી કંપનીઓ છટણી કરાનારા કર્મચારીઓને ૬૦ દિવસ અગાઉ એડવાન્સ નોટીસ આપવાની જરૂરિયાત રહે છે.

એકાદ-બે વર્ષ પહેલાના કંપનીના ડેટા મુજબ, એચસીએલ ટેક ઉત્તર અમેરિકામાં ૨૩ હજાર કરતા વધુ કર્મચારીઓ ધરાવતી હતી.

હૈદરાબાદ એરપોર્ટ પર એરોબ્રિજની છતનો ધાતુનો ભાગ પડતાં યુએસના પ્રવાસીને ઈજા થઇ

પીટીઆઇ
હૈદરાબાદ, તા. ૭

હૈદરાબાદ એરપોર્ટ પર એરોબ્રિજની છતમાંથી મોટો ધાતુનો પેનલ તૂટી પડતા એર ઈન્ડિયા એક્સપ્રેસના એક મુસાફરના માથા પર વાગ્યો, જેના કારણે તેમને આંતરિક ઈજા પહોંચી અને તેઓ સ્તબ્ધ તથા ચક્કર અનુભવતા થયા.

દીપક અડોની, જે અમેરિકન નાગરિક છે અને કામ માટે ભારતમાં આવ્યા હતા, તેમણે પીટીઆઈ ને જણાવ્યું કે રવિવારે બપોરે બેંગલુરુથી આવેલી ફ્લાઇટમાંથી બહાર નીકળનારા તેઓ શરૂઆતના થોડા મુસાફરોમાં હતા.

૬૩ વર્ષીય અડોનીએ સોમવારે જણાવ્યું, હું થોડા પગલાં જ ભર્યા હતા ત્યારે ભારે પેનલ મારા માથા પર પડ્યો. મને ખબર જ પડી નહીં કે શું થયું, અને સંતુલન જાળવવા માટે મેં સ્વાભાવિક રીતે રેલિંગ પકડી લીધી.

તેમણે કહ્યું કે તેમની પાછળ ઉભેલી એક યુવતી, ઝૈનબ સૈયદ, તરત મદદ માટે દોડી આવી અને તેઓ એરોબ્રિજની દિવાલનો સહારો લઈને ઉભા હતા ત્યારે મદદ માટે ચીસ પાડી.

લગભગ ૩૦ મિનિટ પછી મદદ પહોંચી અને અડોનીને એમ્બ્યુલન્સ દ્વારા એપોલો હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. હાજર ડૉક્ટરના અહેવાલ મુજબ સીટી સ્કેનમાં સર્વાઇકલ સ્પાઇનમાં તીવ્ર ક્ષયજન્ય ફેરફારો, બહુસ્તરીય ડિસ્ક ફૂલાવો અને લઘુ સ્તરની માથાની ઇજા દર્શાઈ હતી.

સ્પાઇન સંબંધિત સમસ્યા પહેલેથી હતી કે આ ઘટનાના કારણે થઈ તે સ્પષ્ટ નથી.



અડોનીએ જણાવ્યું, શરૂઆતમાં હું ઠીક હતો, પરંતુ ૩૦ મિનિટ પછી મને ચક્કર આવવા લાગ્યા. હોસ્પિટલમાં દાખલ કરતી વખતે હું હકલાવા લાગ્યો અને પોતાનું નામ પણ યાદ નહોતું આવી રહ્યું.

તેમણે કહ્યું, ઝૈનબ એમ્બ્યુલન્સમાં મારી સાથે આવી અને અમેરિકામાં રહેલી મારી પત્ની સાથે વાત કરવાની મહેનત લીધી. તેઓ એક અદ્ભુત માનવી છે.

હોસ્પિટલમાં સીટી સ્કેન ઉપરાંત એમઆરઆઈ પણ કરવામાં આવ્યો.

આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન હું ઊભો રહી શકતો નહોતો અને લોકોની મદદ લેવી પડી.

એક સમયે જ્યારે હું બેઠો, ત્યારે આખું રૂમ ફરતું હોય એવું લાગ્યું, એમ તેમણે કહ્યું.

લગભગ ૭-૮ ફૂટ લાંબો અને ૨ ફૂટ પહોળો એલ્યુમિનિયમ પેનલ કેવી રીતે છૂટો પડી ગયો તે હજી સ્પષ્ટ નથી.

તેલંગાણાના મૂળ નિવાસી અડોની લગભગ ચાર દાયકાઓ પહેલાં અમેરિકા ગયા હતા. તેમણે જણાવ્યું કે એરપોર્ટના એક અધિકારી હોસ્પિટલમાં તેમની સાથે આખી રાત રહ્યા હતા, જ્યાં સુધી સોમવારે તેમને રજા આપવામાં આવી.

ડૉક્ટરોએ તેમને ગળાનો સપોર્ટ (નેક બ્રેસ) પહેરવાની સલાહ આપી છે અને ગળા તથા માથાના દુખાવા માટે પેઇનકિલર્સ લખી આપ્યા છે.

અડોનીએ જણાવ્યું કે તેઓ તરત અમેરિકા પરત નહીં ફરે અને પોતાની સ્થિતિ પર નજર રાખ્યા પછી આગળનો નિર્ણય લેશે. તેમણે જીએમઆર વિરુદ્ધ સંભવિત કાનૂની કાર્યવાહી કરવાની સંભાવના પણ વ્યક્ત કરી.

એરપોર્ટ સત્તાવાળાઓએ નિવેદનમાં કહ્યું, આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાને લઈને અમે હૃદયપૂર્વક ખેદ વ્યક્ત કરીએ છીએ, અને ઉમેર્યું કે અડોનીને કોઈ ગંભીર અથવા નોંધપાત્ર ઇજા થઈ નથી.

કંપની દ્વારા તેના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે એરપોર્ટ મેન્ટેનન્સ ટીમોએ ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે એરોબ્રિજની છતના પેનલોની સલામતી તપાસ કરી છે.

નાઇટ ફ્રેન્કનો અહેવાલ

ઇરાન-યુએસ વચ્ચે યુદ્ધને પગલે આવાસોનું વેચાણ ૮ શહેરોમાં ૪% ઘટ્યું

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૭

પશ્ચિમ એશિયા સંઘર્ષથી ઉદ્ભવેલી મિલ્કતના ઊંચા ભાવો અને બજાર અનિશ્ચિતતા દ્વારા હાઉસિંગ વેચાણ સમગ્ર આઠ શહેરોમાં જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિક ગાળામાં વાર્ષિક ૪ ટકા ઘટીને ૮૪,૮૨૭ યુનિટ થયુ હતું, તેમ નાઇટ ફ્રેન્કે જણાવ્યું હતું.

હાઉસિંગ વેચાણ ગયા વર્ષે જાન્યુઆરી-માર્ચમાં ૮૮,૩૬૧ યુનિટ નોંધાયું હતું. મુંબઇ, દિલ્હી-એનસીઆર અને પૂનામાં રહેણાંક મિલ્કતનું વેચાણ ઘટ્યું હતું પરંતુ બીજા પાંચ શહેરો બેંગલુરુ, હૈદરાબાદ, ચેન્નાઇ, અમદાવાદ અને કોલકાતામાં વધ્યું હતું.

નાઇટ ફ્રેન્ક ઇન્ડિયાના ઇન્ટરનેશનલ ભાગીદાર, ચેરમેન અને એમડી શિશિર બૈજલના મતે રહેણાંક માંગમાં ઘટાડો નજીકથી ધ્યાન આપવાની જરૂર છે, ખાસ કરીને તે સતત બહુ-વર્ષીય અપસાઇકલને અનુસરે છે.

જ્યારે આ તબક્કો મજબૂત વૃદ્ધિ પછી કુદરતી એકત્રીકરણને આભારી હોઇ શકે છે. તે જ સમયે બૈજલે જણાવ્યું હતું કે અસ્થિર ભૂરાજકીય પરિસ્થિતિને પગલે રહેણાંક માંગમાં રુચી ઓછી થઇ છે.

ડેટા અનુસાર મુંબઇમાં ઘરોનું વેચાણ જાન્યુઆરી-માર્ચમાં પાછલા વર્ષના સમય ગાળાની તુલનામાં ૭ ટકા ઘટીને ૨૩,૧૮૫ યુનિટ થયુ હતું.

દિલ્હી-એનસીઆરમાં ચાલુ કેલેન્ડર વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વેચાણ વાર્ષિક ૧૧ ટકા ઘટીને ૧૨,૭૩૪ એકમ થયું છે.

પૂનામાં વાર્ષિક વેચાણ ૧૧ ટકા ઘટીને ૧૨,૭૧૧ યુનિટ થયુ હતું. જોકે, બેંગલુરુમાં રહેણાંક મિલ્કતોનું વેચાણ જાન્યુઆરી-માર્ચમાં વાર્ષિક ૫ ટકા વધીને ૧૩,૦૯૨ એકમ થયુ છે. હૈદરાબાદમાં વાર્ષિક વેચાણ ૧ ટકા વધીને ૯,૫૪૧ યુનિટ થયુ હતું, જ્યારે ચેન્નાઇમાં ૯ ટકા વધીને ૪,૭૬૩ એકમો થયુ છે.



વીઆઇએલ માટે એજીઆરના પુનઃમૂલ્યાંકનની અવધિ લંબાવાઇ

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૭

ટેલિકોમ વિભાગ અપેક્ષા રાખે છે કે વોડાફોન આઇડિયા જેને હાલમાં તેની બાકી રકમ અને જવાબદારીઓ માટે સરકારી રાહત મળી છે તે જૂન સુધી પુર્ણ થશે, તેમ સુત્રોએ જણાવ્યું હતું.

પુનઃઆકારણી ૩૧ માર્ચ સુધી પુર્ણ થવા માટે લક્ષ્યાંકીત હતી. સુત્રોએ જણાવ્યું હતું કે કંટ્રોલર ઓફ કોમ્યુનિકેશન એકાઉન્ટ્સ દ્વારા આંતરીક પરવાના ફી પુનઃમૂલ્યાંકન બાદ સ્પેકટ્રમ યુસેજ ચાર્જ (એસયુસી)ની સમીક્ષા ચાલુ છે. તે અનુસાર સમય મર્યાદા જૂન સુધી લંબાવવામાં આવી છે.

કેન્દ્રિય કેબિનેટે સુપ્રીમ કોર્ટના આદેશના આધારે વોડાફોન આઇડિયા લિમિટેડ (વીઆઇએલ)ને રાહત આપી છે અને નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭થી નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ સુધીના સમય ગાળા માટે તેના એડજેસ્ટેડ ગ્રોસ રેવન્યુ અથવા એજીઆર બાકી રકમ રૂ ૧.૮૩,૬૯૫ કરોડે સ્થિર કરી છે.

સ્થિર બાકી રકમ પુનઃમૂલ્યાંકનને આધીન છે. આ રકમમાં નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના એજીઆર બાકી રકમનો સમાવેશ થતો નથી, જે સર્વોચ્ચ અદાલતના ૨૦૨૦ના આદેશ દ્વારા અંતિમ સ્વરૂપ આપવામાં આવી છે અને તે અનુસાર ચૂકવવાપાત્ર છે.

૩૧ ડિસેમ્બર,૨૦૨૫ના રોજ વીઆઇએલના એજીઆર લેણાં સ્થગિત કરવામાં આવ્યા હતા, જે કપાત ચકાસણી માર્ગદર્શિકા અનુસાર ડીઓટી દ્વારા પુનઃમૂલ્યાંકનને આધીન રહેશે.

તાતા ટ્રસ્ટના વિવાદમાં મિસ્ત્રીના ગુનાહિત દાવા ટકી રહેવા માટે સંઘર્ષ કરી શકે

ઉર્વી માલવાણિયા
મુંબઈ, તા. ૭

મહારાષ્ટ્રના ચેરિટી કમિશનરને આપેલા હલફનામામાં તાતા ટ્રસ્ટ્સના પૂર્વ બોર્ડ સભ્ય મહેલી મિસ્ત્રીએ વિજય સિંહ અને વેણુ શ્રીનિવાસન સામે લગાવેલા અપરાધિકતા સંબંધિત આક્ષેપો માત્ર કાનૂની ભાષામાં રજૂ કરાયેલા, પરંતુ પુરાવા વિનાના દાવાઓ કરતાં વધુ ન હોઈ શકે, એમ કાનૂની નિષ્ણાતોએ જણાવ્યું.

વરિષ્ઠ સુપ્રીમ કોર્ટ વકીલ એચ.પી. રાનીનાએ જણાવ્યું, આ કેસમાં અપરાધિકતા સાબિત કરવી અત્યંત મુશ્કેલ રહેશે. વધુમાં વધુ બેદરકારી (સિંહ અને શ્રીનિવાસનની તરફથી) સાબિત થઈ શકે.

તેમણે હલફનામામાં ઉલ્લેખિત કોર્પોરેટ ગવર્નન્સ સંબંધિત ખામીઓના મુદ્દે સહમતિ દર્શાવી. બે વર્ષ સુધી ટ્રસ્ટની બેઠક ન યોજવી એ ટ્રસ્ટીઓની ફરજમાં બેદરકારી ગણાય. ઉપરાંત, દર વર્ષે ટ્રસ્ટના હિસાબો ચેરિટી કમિશનર પાસે જમા કરાવવાના હોય છે, એમ તેમણે ઉમેર્યું.

મિસ્ત્રીએ પોતાના પત્રમાં આક્ષેપ કર્યો કે બાઈ હીરાબાઈ જમશેદજી તાતા નવસારી ચેરિટેબલ ઇન્સ્ટિટ્યુશન (બીએચઆઇટીએનસીઆઈ)ના ટ્રસ્ટી બનવા માટે જરૂરી માપદંડો સિંહ અને શ્રીનિવાસન પૂર્ણ કરતા નહોતાં. છતાં તેઓ ટ્રસ્ટી તરીકે કાર્યરત રહ્યા, ઠરાવો પર મતદાન કર્યું અને ટ્રસ્ટના કાર્યો પર નિયંત્રણ જાળવ્યું, જે તેમના દાવા મુજબ છેતરપિંડી, ખોટી રજૂઆત અને અપરાધિક વિશ્વાસભંગ સમાન છે.

મિસ્ત્રીનો દાવો ટ્રસ્ટ ડીડની એક શરત પર આધારિત છે, જેમાં ટ્રસ્ટી પારસી ઝરથુસ્ત્રી ધર્મના હોવા અને બોમ્બે પ્રેસિડન્સી (જે ૧૯૨૬માં રચાઈ હતી, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં વિભાજન પહેલાં) અથવા નવસારીમાં વસવાટ કરતો હોવો જરૂરી દર્શાવવામાં આવ્યું છે. રાનીનાએ નોંધ્યું કે આ દલીલોના આધારે અપરાધિક ઇરાદો સાબિત કરવો મુશ્કેલ રહેશે.



ટ્રસ્ટી તરીકે, ટ્રસ્ટ ડીડમાં દર્શાવેલી શરતોની જાણ હોવી અપેક્ષિત છે. તેમ છતાં, સિંહ અને શ્રીનિવાસન દલીલ કરી શકે કે તેમણે ડીડ વાંચી નહોતી અને હાલના ટ્રસ્ટીઓ પાસેથી સદ્ભાવનાથી નિમણૂક સ્વીકારી હતી, એમ તેમણે જણાવ્યું હતું. આથી બેદરકારીનો મુદ્દો ઊભો થઈ શકે, પરંતુ અપરાધિક ઇરાદો નહીં.

બીએચઆઇટીએનસીઆઈ, સર રતન તાતા ટ્રસ્ટ્સ અને સંલગ્ન ટ્રસ્ટ્સનો એક ભાગ છે. શ્રીનિવાસને વ્યક્તિગત કારણો દર્શાવી સંબંધિત ટ્રસ્ટમાંથી રાજીનામું આપ્યું છે, જોકે તેઓ સંલગ્ન ટ્રસ્ટ્સ હેઠળના અન્ય ટ્રસ્ટોમાં હજી પણ કાર્યરત છે.

મિસ્ત્રીના હલફનામામાં વિવાદને સ્પષ્ટ અપરાધિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવામાં આવ્યો છે, અને દલીલ કરવામાં આવી છે કે મુદ્દો માત્ર પ્રક્રિયાત્મક કે ગવર્નન્સની ખામી પૂરતો સીમિત નથી. તેમાં આક્ષેપ છે કે ટ્રસ્ટ ડીડ મુજબ અયોગ્ય હોવા છતાં કેટલાક વ્યક્તિઓ ટ્રસ્ટી તરીકે કાર્યરત રહ્યા અને કાનૂની આધાર વિના ટ્રસ્ટ અને તેની મિલ્કતો પર અધિકાર ચલાવ્યો.

દાવાના કેન્દ્રમાં અપ્રામાણિક પ્રેરણાનો આરોપ છે. હલફનામા મુજબ ફરજિયાત લાયકાતો પૂર્ણ કર્યા વિના ટ્રસ્ટીપદ સ્વીકારવું એ ખોટી રજૂઆત સમાન છે, જેના આધારે ટ્રસ્ટે તેમની પાસે સંપત્તિનું નિયંત્રણ સોંપ્યું. આ વર્તન ફોજદારી કાયદા હેઠળ છેતરપિંડીની વ્યાખ્યામાં આવે છે, એવો દાવો કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, અયોગ્ય ટ્રસ્ટીઓ દ્વારા સત્તાનો સતત ઉપયોગ અપરાધિક વિશ્વાસભંગ અને ખોટી રજૂઆત સમાન ગણાવીને, પોતાને ગેરલાભ અને ટ્રસ્ટને નુકસાન પહોંચાડવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. સમય જતાં તેમની કામગીરીને લાયકાત હોવાની સતત રજૂઆત તરીકે વર્ણવવામાં આવી છે, જે આક્ષેપિત છેતરપિંડીને વધુ ગાઢ બનાવે છે.હલફનામા મુજબ આવા ટ્રસ્ટીઓ દ્વારા લેવાયેલા નિર્ણયો - મુખ્ય ઠરાવો અને ફાઇલિંગ્સ સહિત - કાયદેસર અમાન્ય છે અને નિયંત્રણ હસ્તગત કરવાનો મોટા પાયે પ્રયાસ છે. તેમાં ભારતીય ન્યાય સંહિતા અને મહારાષ્ટ્ર પબ્લિક ટ્રસ્ટ્સ અધિનિયમની જોગવાઈઓનો ઉલ્લેખ કરીને દલીલ કરવામાં આવી છે કે આ વર્તન છેતરપિંડી, ઠગાઈ અને અપરાધિક વિશ્વાસભંગ સમાન છે, અને મહારાષ્ટ્ર પબ્લિક ટ્રસ્ટ્સ અધિનિયમ હેઠળ નિયમનકારી તપાસ અને કાર્યવાહી યોગ્ય છે.

અધિનિયમની કલમ ૪૧એ મુજબ, વિશ્વાસભંગ, દુરાચરણ અથવા કુમેવહિવટમાં દોષી સાબિત થયેલા ટ્રસ્ટીને ચેરિટી કમિશનર હટાવી શકે છે. જોકે, શ્રીનિવાસન પહેલેથી રાજીનામું આપી ચૂક્યા હોવાથી આ જોગવાઈ તેમના પર લાગુ પડતી નથી.કેટલાક નિરીક્ષકોનું માનવું છે કે જો અપરાધિક દોષ સાબિત થાય, તો મહારાષ્ટ્રમાં કોઈપણ જાહેર ચેરિટેબલ ટ્રસ્ટમાં સેવા આપવા અયોગ્ય ઠરાવી શકાય.

હવે બોલ ચેરિટી કમિશનરના કોર્ટમાં છે. તેઓ જે નિર્ણય લેશે તેની જાણ ટ્રસ્ટોને કરવી પડશે. જોકે, તેમાં સમય લાગી શકે, એમ એક અન્ય કાનૂની નિષ્ણાતે નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું હતું.

જો ચેરિટી કમિશનર આક્ષેપો પર કાર્યવાહી ન કરે અથવા મિસ્ત્રી રજૂ થયેલા નિવારણથી સંતોષ ન થાય, તો તેઓ ઉચ્ચ અદાલતમાં અપીલ કરી શકે છે.

મિસ્ત્રીની ફરિયાદ પછી, તાતા ટ્રસ્ટ્સના મુખ્ય કાર્યકારી અધિકારી સિદ્ધાર્થ શર્માએ બોર્ડ સભ્યોને લખ્યું હોવાનું કહેવાય છે કે પૂર્વ ટ્રસ્ટી દ્વારા ઉલ્લેખિત લાયકાત માપદંડ માન્ય નથી. તેમણે લખ્યું કે સ્વ. રતન તાતાએ સંબંધિત કલમો અંગે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ એમ.એચ. કાનિયા પાસેથી કાનૂની સલાહ લીધી હતી અને કાનિયાએ તેને ખોટો કાયદો ગણાવ્યો હતો.

તેમ છતાં, કાનૂની નિષ્ણાતોએ જણાવ્યું કે ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશની કાનૂની સલાહ પણ ટ્રસ્ટ કાયદો અથવા ટ્રસ્ટ ડીડને અવગણી શકતી નથી. તેમનો અભિપ્રાય કાનૂની રીતે બાંયધરી આપતો નથી. માત્ર સુપ્રીમ કોર્ટનો ચુકાદો જ બાંયધરીરૂપ છે.